નવા ધોરણ પ્રમાણે

# હિંદુસ્તાનની ભૂગોળ.

(પાંચમા ધોરણના વિદ્યાર્થી માટે.)

લખનાર,

એક અનુભવી શિક્ષક.

પ્રસિદ્ધ કરનાર.

માણેકલાલ કેશવલાલ,



અમદાવાદ.

વિજય પ્રવર્તક પ્રેસ.

સંવત ૧૯૫૯. સને ૧૯૦૩.

કીંમત રૂ ૦-૧-૬.

# હિંદુસ્તાનની ભૂગોળ.

## ભાગ ૧ લો.

### ભૂગોળનું વર્ણન.

( પૃથ્વીનો આકાર, કદ, અક્ષાંશ રેખાંશ, જમીન તથાં પાણીના મુખ્ય ભાગો. )

પૃથ્વીનો આકાર નારંગીના જેવો ગોળ છે એટલે ઉત્તર ક્ષિણ ભાગ થોડો ચપટો છે. પૃથ્વી ગોળ છે તેનાં કારણ. ૧—જે સાફરોએ એકજ દિશામાં સિધા ને સિધા જઈને વહાણમાં બે-ને મુસાફરી કરી છે તે પૃથ્વી પ્રદક્ષિણા કરી પાછા તેજ દેશમાં ાવેલા છે. ૨—વહાણ, પર્વત, ઝાડ વગેરે ઊંચા પદાર્થનાં શિખર દૂર-પહેલાં દેખાય છે, પછી જેમ જેમ પાસે જતા જઈએ તેમ મધ્ય ભાગ ને છેક પાસે જઈએ ત્યારે તળેટી દેખાય છે. આનું કારણ—પૃથ્વીના ઉપસેલા ભાગનું માત્ર નડતર હોય છે. ૩—ચંદ્રગ્રહણ વખતે ચંદ્ર ઉપર પૃથ્વીની છાંયા પડે છે તે ગોળ હોય છે. ી ગોળાકાર ના હોય તો છાયા તેવી પડે નહિ. ૪—પૂર્વ તરફ દેશો કરતાં પશ્ચિમ તરફના દેશોમાં સૂરજ મોડો ઉગે છે. ૫—પણે જેમ જેમ ઉત્તરમાં જઈએ તેમ તેમ ઉત્તર ધ્રુવ ને તે બીજા તારાઓ ઉંચા આવતા જાય છે અને દક્ષિણ ધ્રુવ તારાઓ દેખાતા બંધ થાયછે. પૃથ્વીનું કદ—પરીઘ એટલે ાવો ૨૪૮૫૬ મૈલ છે અને તેનો વ્યાસ ૭૯૨૫ મૈલ છે. પૃથ્વી ઉત્તર દક્ષિણ ચપટી છે તેથી તે તરફનો વ્યાસ ૨૬ મૈલ ઓછો છે. અક્ષાંશ ને રેખાંશની સમજ—પૃથ્વીના મધ્ય ભાગમાં થઈને ઉત્તર

દક્ષિણ એક કલ્પિત રેખા જાય છે, તેની આંસપાસ પૃથ્વી દરરોજ ફરે છે; તે રેખાને પૃથ્વીનો આંસ અથવા ધરી કહે છે. તે આંસના ઉત્તર તરફના છેડાને ઉત્તર ધ્રુવ ને દક્ષિણ તરફના છેડાને દક્ષિણ ધ્રુવ કહે છે. **વિષુવવૃત્ત**—બન્ને ધ્રુવથી સરખે અંતરે પૃથ્વીના મધ્ય ભાગમાં જે કલ્પિત રેખા છે તેને વિષુવવૃત્ત અથવા ભૂમધ્યવૃત્ત કહે છે. આથી પૃથ્વીના ગોળાના બે સરખા ભાગ થાયછે. ઉત્તર તરફના ભાગને ઉત્તર ગોળાર્ધ ને દક્ષિણ તરફનાને દક્ષિણ ગોળાર્ધ કહે છે. **અંશ**—દરેક વર્તુળનાં પરીઘના ૩૬૦ સરખા ભાગ કરેલા હોય તેને અંશ કહેછે. **અક્ષાંશ**—વિષુવવૃત્તથી સમાંતર (બધે સરખે અંતરે) ઉત્તર દક્ષિણમાં જે લઘુ ગોળ દોરીએ તેને અક્ષાંશ વૃત્ત કહે છે. વિષુવવૃત્તથી ઉત્તર કે દક્ષિણમાં કોઇ જગાનું અંતર તે તે જગાના અક્ષાંશ કહેવાય. વિષુવવૃત્તથી ધ્રુવ સુધી ગોળાનો ૪ થો ભાગ માટે ૯૦ અંશ થાય. જો તે જગા વિષુવવૃત્તથી ઉત્તરે હોય તો ઉત્તર અક્ષાંશ ને દક્ષિણે હોય તો દક્ષિણ અક્ષાંશ થાય. **રેખાંશ**—વિષુવવૃત્તને કાટખૂણે છેદે અને બંને ધ્રુવમાં થઇને જાય એવાં ગુરૂવર્તુળને રેખાંશવૃત્ત કહે છે. અક્ષાંશ જેમ વિષુવવૃત્તથી મપાય છે તેમ રેખાંશ કોઇ રેખાંશવૃત્ત મુકરર કરેલું હોય તેની સાથે મપાય છે. મુકરર કરેલા રેખાંશવૃત્તને પહેલું રેખાંશવૃત્ત કહે છે. જુદી જુદી પ્રજાઓએ જુદી જુદી જગોમાં થઇને જનારૂં પહેલું રેખાંશવૃત્ત લીધું છે. અંગ્રેજોએ લંડનની પાસે ગ્રીનીચ નામના ગામડામાં થઇને જનારૂ ને ફ્રેંન્ચો એ ફ્રાન્સ પાસે થઈ જનારૂં પહેલું રેખાંશવૃત્ત માનેલું છે. પહેલા રેખાંશ વૃત્તથી પૂર્વ કે પશ્ચિમમાં કોઇ જગાનું અંતર તે તે જગાના પૂર્વ કે પશ્ચિમ રેખાંશ કહેવા. પહેલા રેખાંશ વૃત્તથી પૃથ્વીના સરખા બે ભાગ થાય છે. માટે રેખાંશનું માપ વધારેમાંવધર ૧૮૦ સુધી થાય.

## જમીન ને પાણીના મુખ્ય ભાગો.

પૃથ્વીના પૃષ્ઠપર જમીન ને પાણી જોવામાં આવે છે. પાણી-

થી ઢંકાએલા ભાગ કરતાં કોરી જમીનવાળો ભાગ ઊંચો હોય છે. પૃથ્વીના ગોળાના લગભગ ૩ ભાગમાં પાણી ને ૧ ભાગમાં જમીન છે; તેમના આકાર ઉપરથી નીચે મુજબ ભાગ કરવામાં આવ્યા છે.

| જમીનના ભાગ. | પાણીના ભાગ. |
|---|---|
| ૧—મહાદ્વીપ. | ૧—મહાસાગર. |
| ૨—દ્વીપ(બેટ.) | ૨—સમુદ્ર, સાગર કે દરિયો. |
| ૩—દ્વીપકલ્પ. | ૩—દ્વિપસાગર. |
| ૪—સંયોગીભૂમિ. | ૪—અખાત. |
| ૫—કિનારો. | ૫—સરોવર. |
| ૬—ભૂશિર. | ૬—સામુદ્રધુની. |
| ૭—પર્વત (ડુંગર.) | ૭—નદી. |
| ૮—ઉચ્ચ પ્રદેશ. | ૮—ખાડી. |
| ૯—મેદાન. | |
| ૧૦—ખીણુ. | |

## જમીનના ભાગની હકીકત.

**મહાદ્વીપ**—જમીનના જે મોટા ભાગની ચારે તરફ મહાસાગર વીંટાએલો હોય તેને મહાદ્વીપ કહે છે. એવા મહાદ્વીપ પૃથ્વી ઉપર ચાર છે. ૧—એશિયા ને યૂરોપખંડનો. ૨—ઉત્તર અને દક્ષિણ અમેરિકાનો. ૩—આફ્રિકાનો. ૪—ઑસ્ટ્રેલિયાનો. એમ અનુક્રમે મોટા નાના છે. આફ્રિકા પહેલાં દ્વિપકલ્પ હતો પણ સુએજની નહેર થઈ ત્યારથી તે મહાદ્વીપ કહેવાય છે.

**દ્વીપ (બેટ)**—જમીનના જે ભાગની ચારે તરફ પાણી વીંટાએલું હોય તેને બેટ કહે છે. ઉદાહરણ—લંકા મુંબાઈ વગેરે.

**દ્વીપકલ્પ**—જમીનનો જે ભાગ ત્રણ બાજુએ પાણીથી વીંટાએલો હોય તેને દ્વીપકલ્પ કહે છે. ઉદાહરણ—દક્ષિણ હિંદુસ્તાન, કાઠિયાવાડ વગેરે.

**સંયોગી ભૂમિ**—જમીનના બે મોટા ભાગને સાંધનારો જમીનનો જે સાંકડો ભાગ તેને સંયોગી ભૂમિ કહે છે.

**કિનારો**—જમીનનો જે ભાગ પાણીને અડકેલો હોય તેને કિનારો કે કાંઠો કહે છે. ઉદાહરણ-મલબાર ને કોરોમંડળ વગેરે.

**ભૂશિર**—જમીનનો જે ભાગ સાંકડો થતાં થતાં આગળ જતાં અણી થઈ સમુદ્રમાં ગએલો હોય તેને ભૂશિર કહે છે. ઉદાહરણ-કન્યાકુમારી ને જગત પોંઇટ.

**પર્વત (ડુંગર)**—જમીન ઉપર જે મોટા ટેકરા હારબંધ આવેલા હોય તેને ડુંગર કહે છે, એવા ડુંગરો હારબંધને ઘણાજ ઉંચા હોય તેને પર્વત કહે છે. ઉદાહરણ-હિમાલય, વિંધ્યાચળ ને સહ્યાદ્રિ વગેરે.

**ઉચ્ચ પ્રદેશ**—પહાડ ઉપર આવેલી જે સપાટ જમીન તેને ઉચ્ચ પ્રદેશ કહે છે. ઉદાહરણ-મહિસૂરનું રાજ્ય વગેરે.

**મેદાન**—જે જમીન સમુદ્રની સપાટી કરતાં ઘણી ઉંચી નથી, તથા જેમાં ડુંગરો નથી તેને મેદાન કહે છે. ઉદાહરણ-પંજાબનો દક્ષિણ ભાગ, ગુજરાત વગેરે.

**ખીણ**—પહાડો કે ડુંગરોની વચ્ચે આવેલી જે નીચાણવાળી સપાટ જમીન તેને ખીણ કહે છે. ઉદાહરણ-નર્મદાની ખીણ, સાતપુડા ને વિંધ્યાચળની વચ્ચે આવેલી છે.

## પાણીના ભાગની હકીકત.

**મહાસાગર**—પૃથ્વી ઉપરના પાણીના મોટા ભાગને મહાસાગર કહે છે. એવા મહાસાગર પાંચ છે. ૧-પાસિફિક, ૨-આટલાંટિક, ૩-હિંદી, ૪-ઉત્તર, અને ૫-દક્ષિણ મહાસાગર.

**પાસિફિક મહાસાગર**—એ સૌથી મોટો છે, એણે પૃથ્વીનો લગભગ અડધો ભાગ રોકેલો છે. પૃથ્વી ઉપર જેટલી કોરી જમીન છે તે કરતાં પણ વધારે જમીન આ મહાસાગરે રોકી છે.

**આટલાંટિક મહાસાગર**—એ લાંબો ને સાંકડો છે, એણે પાસિફિક મહાસાગર કરતાં લગભગ અડધી જમીન રોકી છે.

**હિંદી મહાસાગર**—એનો વિસ્તાર આટલાંટિક મહાસાગરથી અડધો છે.

**ઉત્તર અને દક્ષિણ મહાસાગર**—પૃથ્વીના ઉત્તર ભાગમાં જે દરિયો છે, તેને ઉત્તર મહાસાગર ને દક્ષિણમાં જે દરિયો છે, તેને દક્ષિણ મહાસાગર કહે છે; આ બેઉ મહાસાગરના ઘણા ભાગમાં બારે માસ બરફ હોય છે.

**સાગર ( દરિયો )**—મહાસાગરનો ફાંટો જમીનને લગતો હોય તેને સમુદ્ર-સાગર કે દરિયો કહે છે. ઉદાહરણ-અરબી અને બંગાળી સમુદ્ર હિંદી મહાસાગરનાં ફાંટા છે.

**ઉપસાગર**— સમુદ્રના પહોળામોંના ફાંટાને ઉપસાગર કહે છે. ઉદાહરણ-બંગાળી સમુદ્રના ઉત્તર દિશાના ભાગને બંગાળાનો ઉપસાગર કહે છે.

**અખાત**—સમુદ્રનો ફાંટો લાંબો થઈ જમીનમાં ગયેલો હોય તેને અખાત કહે છે. ઉદાહરણ-કચ્છ અને ખંભાતના અખાત એ અરબી સમુદ્રના ફાંટા છે.

**સરોવર**—પાણીના જે ભાગને ચારે તરફ જમીન વિંટાએલી હોય તેને સરોવર કહે છે. ઉદાહરણ-સાંભર, માનસરોવર વગેરે, પણ ખારા પાણીનાં મોટાં સરોવરને સમુદ્રમાં ગણ્યાં છે. ઉદાહરણ-કાસ્પીઅન ને અરલ.

**સામુદ્રધુની**—પાણીના બે મોટા ભાગને સાંધનારો પાણીનો નાનો ભાગ તેને સામુદ્રધુની કહે છે. ઉદાહરણ-પાકની.

**નદી**—મોઠા પાણીનો પ્રવાહ પર્વત અગર સરોવરમાંથી નીકળી ઢળતી જગામાં થઈ બીજી નદી કે સમુદ્રને મળે કે રણમાં ફેલાઈ જાય છે તેને નદી કહે છે ઉદાહરણ-સાબરમતી નર્મદા સરસ્વતિ વગેરે.

**ખાડી**—સમુદ્રને મળતાં પહેલાં ભરતીનું પાણી માંહે આવે તેટલા નદીના ભાગને ખાડી કહેછે. ઉદાહરણ—વસઇની.

### જમીન અને પાણીના ભાગનું ઉલટાપણું.

મહાદ્વીપ ને મહાસાર, બેટ ને સરોવર, દ્વીપકલ્પ ને ઉપસાગર, સંયોગીભૂમિ ને સામુદ્રધુની, ભૂશિર ને અખાત.

### ખંડ.

**ખંડ**—પૃથ્વીપર કોરી જમીનના એશિયા, યૂરોપ, આફ્રિકા, અમેરિકા અને ઓશિયાનીઆ (આસ્ટ્રેલિયા વગેરે પરચુરણ બેટ) એમ પાંચ ભાગ કરેલા છે. તે દરેકને ખંડ કહે છે. આપણે એશિયાખંડમાં રહીએ છીએ, તેના દેશ. (૧) હિંદુસ્તાન. (૨) સિંહલદ્વીપ. (૩) બલુચિસ્તાન. (૪) અફગાનિસ્તાન. (૫) ઇરાન. (૬) અરબસ્તાન. (૭) તુર્કસ્તાન. (૮) તાર્તરી. (૯) એશિયાઇ રૂશિયા. (૧૦) જાપાન. (૧૧) ચીનાઇ રાજ્ય. (૧૨) હિંદીચીન. તેમાં આપણે હિંદુસ્તાનમાં રહીએ છીએ.

## ભાગ ૨ જો.

### (હિંદુસ્તાનનું સામાન્ય વર્ણન.)

### સ્વરૂપ.

એશિયાખંડની દક્ષિણમાં ત્રણ મોટા દ્વીપકલ્પ છે. તેમાં મોટો ને વચલો દ્વીપકલ્પ ભરતખંડ છે. **સીમા**—ઉત્તરે—હિમાલય પર્વત ને તેની પેલીમેર ટીબેટ, તથા કારાકોરમ ને હિંદુકુશ પર્વતની પેલીમેર તાતાર. પશ્ચિમે—સુલેમાન પર્વતની પેલીમેર અફગાનિસ્તાન, અને હાલા પર્વતની પેલીમેર બલુચિસ્તાન. નૈરૃત્યમાં—અરબી સમુદ્ર. દક્ષિણે—હિંદીમહાસાગર. અગ્નિકોણમાં—હિંદીમહાસાગર ને બંગાળી સમુદ્ર. પૂર્વે—બંગાળી ઉપસાગર તથા આરાકાનના-

ડુંગર ને બ્રહ્મદેશ. **કુદરતી દેખાવ**–હિંદુસ્તાન ત્રિકોણાકારે છે. એ ત્રિકોણનો પાયો હિમાલય છે. હિંદુસ્તાનમાં પૂર્વ પશ્ચિમ વિંધ્યાચળ પર્વત મધ્ય ભાગે છે. એથી એ ત્રિકોણના બે ભાગ થાય છે. વિંધ્યાચળની ઉત્તરના ભાગને હિંદુસ્તાન ને દક્ષિણના ભાગને દક્ષિણ કહે છે. એ દક્ષિણ ભાગ એક દ્વીપકલ્પ છે. **ઉત્તર હિંદુસ્તાનના કુદરતી છ ભાગ**–(૧) હિમાલયની તળેટીનો ઢળતો પ્રદેશ; એમાં કાશ્મીર, નેપાળ, ભૂતાન વગેરે દેશી રાજ્યો છે. (૨) સિંધુનદીનો પ્રદેશ; એમાં પંજાબ ને સિંધ છે. (૩) રેતીનું રણ; અરવલ્લીની પશ્ચિમે છે. (૪) મધ્ય હિંદુસ્તાનનો ઉચ્ચ પ્રદેશ; એમાં રજપૂત સંસ્થાનનો ભાગ, મધ્યહિન્દ એજન્સી ને સાગર અને દમોહનો મૂલક આવેલો છે. (૫) ગંગાનો પ્રદેશ; એમાં વાયવ્યપ્રાંતો, અયોધ્યા અને બંગાળાનો બહારપ્રાંત છે. (૬) બ્રહ્મપુત્રાનો પ્રદેશ; એમાં આસામ ને બંગાળા છે. **દક્ષિણ હિંદુસ્તાનના કુદરતી ચાર ભાગ**—(૧) નર્મદાનો પ્રદેશ; એ વિંધ્યાચળ ને સાતપૂડાની વચ્ચે છે. (૨) શુદ્ધ દક્ષિણ; એ સાતપૂડા, પૂર્વઘાટ, નીલગિરિ અને પશ્ચિમઘાટની વચ્ચે છે. (૩) પશ્ચિમ કાંઠાનો નિચાણનો પ્રદેશ; એમાં મલબાર ને કોંકણપટી છે. (૪) પૂર્વકાંઠાનો નિચાણનો પ્રદેશ; એમાં કોરોમાંડલ કાંઠો ને ઉત્તરી સરકારનો મૂલક છે. **પર્વતો. ઉત્તરહદપર** આવેલા–હિમાલય, શિવાલીક કારાકોરમ ને હિંદુકુશ; એમાં હિમાલય ૧૫૦૦ મૈલ લાંબો, ૨૦૦ મૈલ પહોળો ને આખી દુનિયામાં સૌથી વધારે ઉંચો છે. એટલે એની ઉંચાઇ ૨૯ હજાર ફૂટ છે. એવરસ્ટ કે ગવરીશંકર, ધવલગીરી, કાંચીનગંગા, જમનોત્રી ને ગંગોત્રી વગેરે એનાં શીખરો છે. આ પર્વતની દક્ષિણે તેહરી નામે જંગલ છે, તેની હવા ખરાબ છે. શિવાલીકમાં ઘણાં મોટાં જંગલી પ્રાણીઓ રહે છે. **પશ્ચિમહદપર** આવેલા પર્વતો–હાલા ને સુલેમાન. **પૂર્વહદપર** આવેલા પર્વતો–આસામ ને આરાકાનના ડુંગરો. **મધ્યભાગમાં** આવેલા પર્વતો–અરવલી, વિંધ્યાચળ, સાતપુડા, સંહ્યાદ્રિ,

નિલગિરિ, પૂર્વઘાટ, ને પાલની; તેમાં સંહ્યાદ્રિ પશ્ચિમ કિનારાથી ૩૦ થી ૪૦ મૈલને છેટે છે. ને તેની ઉંચાઇ ત્રણહજાર ફુટની છે. પૂર્વઘાટ સંહ્યાદ્રિ જેટલો દરિયાની પાસે નથી, એની ઉંચાઇ સિહ્યાદ્રિથી લગભગ અડધી છે. તેથી સંહ્યાદ્રિ પર્વતમાંથી આવતી નદીઓને લીધે ઠેકાણે ઠેકાણેથી તૂટી ગયેલો છે.

આ પર્વતોને લીધે ઉત્તર હિંદુસ્તાનના મુખ્ય બે ઢાળ થએલા છે. તેમાં અગ્નિ ખૂણાના ઢાળમાં મુખ્ય ગંગાનદી વહે છે ને નૈરૃત્ય ખૂણાના ઢાળમાં મુખ્ય સિંધુનદી વહે છે, દક્ષિણ હિંદુસ્તાનનો ઢાળ પૂર્વ તરફનો છે. તેમાં મુખ્ય નદીઓ ગોદાવરી ને કૃષ્ણા વગેરે વહે છે.

**ઉંચાણના મુલકમાં**—કાશ્મીર, નેપાળ, ભૂતાન, સિક્કિમ, ને આસામ, એ ઉત્તરના ભાગમાં; મધ્યપ્રાંત, મધ્યહિન્દ એજન્સી ઉદેપુરની આસપાસનો મૂલક, મધ્ય ભાગમાં ને શુદ્ધ દક્ષિણ. **નિચાણ મુલક**—હિન્દનો પૂર્વને પશ્ચિમ કિનારાનો તમામ ભાગ. **ઢાળ પડતો સપાટ મુલક**—પંજાબ, સિંધ, વાવ્યપ્રાંત, અયોધ્યા, બહાર, ને બંગાળાનો મધ્ય ભાગ. **રેતાળ મુલક**—રણ.

**નદીઓનાં મૂળ**—હિમાલયમાંથી નીકળનારી—સાંપુ (બ્રહ્મપુત્રા) સિંધુ, જેલમ, "ચીનાબ," રાવી, બીઆસ, સતલજ, ગંગા, જમના, ગોગરા, રાપતી, ગંડકી, કુશી, વગેરે. મધ્ય પ્રાંતના ડુંગરમાંથી નીકળનારી—મહા, શોણ, નર્મદા, તાપી, વેનગંગા, વર્ધા, પેનગંગા, ચંબલ, વગેરે. સંહ્યાદ્રિ પર્વતમાંથી નીકળનારી—ગોદાવરી, કૃષ્ણા, તુંગભદ્રા ને કાવેરી વગેરે.

**સમુદ્ર**—અરબી બંગાળી ને હિંદી મહાસાગર. **અખાત**—કચ્છનો, ખંભાતનો, મનારનો ને બાલાસોરનો. **સામુદ્રધુની**—પાકની **નદીઓનાં મૂખ**—અરબીસમુદ્રને મળનારી—સિંધુ ને બાદર. કચ્છના રણને મળનારી—લૂણી. ખંભાતના અખાતને મળ-

નારી–સાબરમતી, મહી, નર્મદા ને તાપી. બંગાળી સમુદ્રને મળનારી–કાવેરી, કૃષ્ણા, ગોદાવરી, મહાનદી, ગંગા, ને બ્રહ્મપુત્રા. સિંધુ નદીને મળનારી–કાબુલ, જેલમ, ચીનાબ, રાવી, બીઆસ, ને સતલજ. ગંગાને મળનારી–જમના, રામગંગા, ગોમતી, ગોગરા, શોણ, ગંડકી ને કુશી. ગોદાવરીને મળનારી–પેનગંગા, વર્ધા, વેનગંગા, ને મંજીરા. કૃષ્ણાને મળનારી–ભીમા, તુંગભદ્રા, ને મુશી. જમનાને મળનારી–ચંબલ, સિંધ, ને બતવા.

## નદીઓ વિષે હકીકત.

**સિંધુનદી**—એ હિમાલયમાં આવેલા કૈલાસ પર્વતની પાસેથી નીકળી કાશ્મીર, પંજાબને સિંધમાં વહી અરબી સમુદ્રને મળે છે. એને કાંઠે લાડક, અટક, કલાબાગ, ડેરાઇસ્માઇલખાન, ડેરાગાજી ખાન, મિથનકોટ, સક્કર, હૈદ્રાબાદ, ઠઠ્ઠા, કરાંચી વગેરે શહેરો છે.

**ગંગાનદી**—એ હિમાલયના ગંગોત્રી શિખરમાંથી નીકળી વાવ્ય પ્રાંત, બહાર ને બંગાળામાં વહી, બંગાળી ઉપસાગરને મળે છે. એને કાંઠે બદ્રીનાથ, હરદ્વાર, ફતેહગઢ, કનોજ, કાનપુર, અલ્હાબાદ, મીરજાપુર, કાશી, ગાજીપુર, બકસર, પટણા, મોંગીર, ભાગલપુર, ને રાજમહાલ વગેરે શહેરો આવેલાં છે.

**બ્રહ્મપુત્રાનદી**—એ હિમાલયમાં આવેલા કૈલાસ પર્વતની પાસેથી નીકળી ટિબેટ, આસામ ને બંગાળામાં વહી, બંગાળી ઉપસાગરને મળે છે, એને કાંઠે તેજપુર, ગોહત્તી ને ઢાકા છે.

**જમનાનદી**—એ હિમાલયના જમ્નોત્રી શિખરમાંથી નીકળી વાવ્ય પ્રાંતમાં વહી, ગંગાને મળે છે. એને કાંઠે થાનેશ્વર, દીલ્હી, મથુરાં, આગ્રા, ઇટાવા, કાલ્પી ને અલ્હાબાદ શહેરો આવેલાં છે.

**ગોદાવરીનદી**—નાશીક પાસે સિંહાદ્રિ પર્વતમાંથી નીકળી, મહારાષ્ટ્ર, નિજામ ને ઉત્તર સરકારના પ્રાંતોમાં વહી; બંગાળી

સમુદ્રને મળે છે, એને કાંઠે નાશીક, રાજમહેંદ્રી, ને યાનાન છે.

**કૃષ્ણાનદી**—મહાબળેશ્વર આગળ સિંહ્યાદ્રિ પર્વતમાંથી નીકળી, મહારાષ્ટ્ર, નિઝામને ઉત્તર સરકારના પ્રાંતમાં વહી બંગાળી સમુદ્રને મળે છે; એને કાંઠે સાંગલી, મીરજ, કુરંદવાડ, ને મચ્છલીપટ્ટણ શહેરો છે.

**સતલજ નદી**—હિમાલયમાં આવેલા કૈલાસ પર્વતમાંથી નીકળી, પંજાબમાં વહી સિંધુને મળે છે. એને કાંઠે લુધીઆના, ફિરોજપુર ને ભાવલપુર શહેર છે.

**મહા નદી**—અમરકંટકના ડુંગરમાંથી નીકળી, મધ્યપ્રાંત અને ઓરીસ્સામાં વહી, બંગાળી ઉપસાગરને મળે છે. એને કાંઠે સંબલપુર, કટક ને જગન્નાથપુરી છે.

**ગોગરા નદી**—એ હિમાલયમાંથી નીકળી, નેપાળ, અયોધ્યા, વાયવ્યપ્રાંત ને બંગાળામાં વહી, ગંગાને મળે છે. એને કાંઠે અયોધ્યા શહેર છે.

**નર્મદા નદી**—એ અમરકંટકના ડુંગરમાંથી નીકળી, મધ્યપ્રાંત, ભોપાળ ને હોલ્કરના રાજ્યમાં તથા ગુજરાતમાં વહી ખંભાતના અખાતને મળે છે. એને કાંઠે જબલપુર, નરસીંગપુર, હુશંગાબાદ, ચાણોદ ને ભરૂચ છે.

**તાપીનદી**—એ સીતપુડા પર્વતમાંથી નીકળી, મધ્ય પ્રાંત, ખાનદેશ અને ગુજરાતમાં વહી, ખંભાતના અખાતને મળે છે. એને કાંઠે બુરાનપુર, ભુશાવળ, ને સુરત છે.

**કાવેરીનદી**—એ કુર્ગ પ્રાંતમાં સહ્યાદ્રિ પર્વતમાંથી નીકળી, મહૈશુર ને કર્ણાટક પ્રાંતમાં વહી, બંગાળી સમુદ્રને મળે છે. એને કાંઠે મહૈશુર, શ્રીરંગપટ્ટણ, ત્રિચિનાપલ્લી, ને તંજાવર છે.

**મહીનદી**—માળવાના પહાડમાંથી નીકળી, ગુજરાતમાં વહી, ખંભાતના અખાતને મળે છે. એને કાંઠે લુણાવાડા ને ખંભાત છે.

**સાબરમતી**—મેવાડના ડુંગરમાંથી નીકળી, ગુજરાતમાં

વહી ખંભાતના અખાતને મળે છે. એને કાંઠે અમદાવાદ ને સાદરા છે.

**સરોવર**—ચીલકા, કોલર, પુલીકાટ, લુનાર, સાભર, ને વુલર.

**ભૂશિરો**—રાસમોરારી, જગતપોઇન્ટ, દીવ, કન્યાકુમારી ને પાલમૈરા.

**દ્વીપ**—લક્ષદ્વીપ, માલદ્વીપ, નીકોબાર ને આન્દામન હિંદુસ્તાનમાં જેને કાળાપાણીની શિક્ષા કરે છે તેને આન્દામન બેટમાં મોકલે છે. સિંહલદ્વીપ હિંદુસ્તાનના તાબામાં નથી.

**વિસ્તાર**—કાસ્મીરથી કન્યાકુમારી સુધી ઉત્તર દક્ષિણ લંબાઈ વધારેમાં વધારે ૧૯૦૦ મૈલની અને સિંધથી આસામ સૂધી પૂર્વ પશ્ચિમ પહોળાઇ ઘણામાં ઘણી ૧૯૦૦ મૈલ છે. અને ક્ષેત્રફળ પંદર લાખ ને ત્યાસી હજાર ચોરસ મૈલ છે.

## હવાપાણી.

આશરે હિંદનો અડધો ભાગ ઉષ્ણ કટિબંધમાં આવેલો છે, તેથી ઉચ્ચ પ્રદેશો સિવાયના ભાગોનાં હવાપાણી ગરમ છે. શિઆળો, ઉનાળો ને ચોમાસું એવી ત્રણ મુખ્ય રતુઓ છે. શિઆળો–ઘણું કરીને નવેમ્બરથી ફેબ્રુઆરી સૂધી હોય છે, તેમાં ડીસેમ્બરને જાન્યુઆરીમાં વિશેષ ટાઢ પડે છે. હિમાલયના ઢાળપર ને કાસ્મીરમાં ઘણી ટાઢ પડે છે. ઉત્તર હિંદુસ્તાનમાં ને મધ્યપ્રાંતોમાં તેના કરતાં ટાઢ ઓછી તોપણ દક્ષિણ હિંદુસ્તાન કરતાં વધારે પડે છે: ને સમુદ્રકિનારાપર ટાઢ થોડી હોય છે. ઉનાળો–ઘણું કરીને માર્ચથી જુન સુધી હોય છે ને તેમાં તાપ પડે છે; વધારેમાં વધારે તાપ કોરોમાંડલ કાંઠે ને અરવલ્લીની પશ્ચિમના મેદાનમાં પડે છે. દક્ષિણ હિંદુસ્તાનના ઉચ્ચ પ્રદેશમાં, મધ્ય પ્રાંતોમાં, ગંગા નદીના પ્રદેશમાં, ને પંજાબના મેદાનોમાં તાપ ઘણો હોય છે પણ ઉપરના જેટલો નહિ. આ રતુમાં યુરોપીઅનો ઉચ્ચ પ્રદેશોમાં આવેલાં કેટલાંક સ્થળોમાં ઠંડાં હવા પાણીને લીધે રહેવા જાય છે. ઉચ્ચ પ્રદેશોમાં

ને દરિયા કિનારે તાપ હરકત કરી શકતો નથી. **હવા ખાવાની જગાઓ**—સીમલા ને મરી પંજાબમાં, દાર્જીલીંગ સીકીમની દક્ષિણે, આબુ અરવલ્લીની દક્ષિણે, માથેરાન મુંબાઇની પાસે, મહાબળેશ્વર સતારા પાસે, ઉતાકમંડને કોડીગલ મદ્રાસ ઇલાકામાં છે. ચોમાસું-વર્ષારૂતુનો પવન, નૈઋત્ય ને ઇશાણનો હોય છે, તે હિંદુસ્તાનનાં હવા પાણીપર ઘણી અસર કરે છે. ચોમાસામાં વરસાદ પડે છે. સૌથી વધારે વરસાદ ચેરાપુંજીના ડુંગપર તેથી ઉતરતો હિમાલયપર ને તેથી ઉતરતો સિંહાદ્રિ વગેરે પર્વતોમાં પડે છે. ગંગા નદીનો પ્રદેશ, મધ્ય પ્રાંતો, મધ્યહિન્દ એજન્સી, ગુજરાત, ને દક્ષિણ હિન્દુસ્તાનનો ઉચ્ચ પ્રદેશ આ ઝાડીવાળા ભાગોમાં પર્વતો કરતાં ઓછો એટલે ૨૦ થી ૪૦ ઇંચ સુધી વરસાદ પડે છે. અને ઝાડ વગરના મુલકમાં એટલે અરવલ્લીની પશ્ચિમના રણમાં છેક થોડો વરસાદ પડે છે. હિંદુસ્તાનના જુદા જુદા ભાગમાં એટલે મહાબળેશ્વરની ટેકરીપર ૨૪૦ ઇંચ, મુંબાઇમાં ૭૦ ઇંચ, મદ્રાસમાં ૫૦ ઇંચ, કલકત્તામાં ૬૬ ઇંચ, દિલ્લીમાં ૨૪ ઇંચ, અમદાવાદમાં ૨૫ ઇંચ ને ઉપલા સિંધમાં ૨ ઇંચ આશરે વરસાદ વરસે છે.

## લોકને ધર્મ.

વસ્તી ૨૮ કરોડ ને ૯૦ લાખ માણસની છે. તેમાં મુખ્ય જાતો ને મુખ્ય ધર્મો છે. તે નીચે પ્રમાણે. **હિંદુધર્મમાં**—આગળ બ્રાહ્મણ ક્ષત્રી, વૈશ્યને શુદ્ર એવી ચાર જાતો હતી પણ હાલમાં તો બ્રાહ્મણ, વાણિયા, કણબી, રજપૂત, કોળી, ઘાંચી, મોચી, દરજી એમ ઘણી જાતો છે ને વળી તેમાં દરેકમાં ઘણી નાનો પણ છે. **મુસલમાની ધર્મમાં**—સૈયદ, શેખ, પઠાણ, મુગલ, વહોરા, મેમણ વિગેરે ઘણીજાતો છે. **જરતોસ્તી ધર્મ**—પારસીઓ પાળે છે. **ખ્રિસ્તી ધર્મમાં**—યુરોપીઅન, ઇંડોયુરોપીઅન, હાફકાસ્ટ અને દેશી ક્રિશ્ચિઅન એવી જાતો છે. **જ્યુધર્મ**—યાહુદી લોકો પાળે છે. **શીખધર્મમાં**—શીખજાતના લોકો છે.

ઉપર કહેલા ધર્મોમાં ઘણા વિભાગો છે. હિંદુધર્મમાં શિવ, વિષ્ણુ, જૈન, માતા, ભૈરવ, વગેરે દેવોના ઉપાસકો છે.

ઉપર કહી તે જાતો છે, પણ ગુજરાતના ગુજરાતી, મારવાડના મારવાડી, દક્ષિણના દક્ષિણી, મહારાષ્ટ્રના મરેઠા, બંગાળાના બાબુ, હિંદુસ્તાનના ભૈયા, એમ જૂદે જૂદે ઠેકાણે રહેવાથી પણ જૂદી જૂદી જાતના લોક કહેવાય છે.

**જાત્રાનાં ઠેકાણાં.** હિંદુનાં—બદ્રિનાથ, હરદ્વાર, ગોકુળ, મથુરાં, નાથદ્વાર, પ્રયાગ, કાશી, ગયા, જગન્નાથપુરી, સેતબંધ રામેશ્વર, પંઢરપુર, નાશિક, દ્વારકાં, સોમનાથપટ્ટણ, ડાકોર, અંબાજી ને બહુચરાજી. જૈનનાં—પાલીતાણા, ગિરનાર, આબુ, ને પારસનાથ (સમેતશીખર). શીખલોકનું—અમૃતસર. પારસીનું—ઉદવાડા. મુસલમાનનું—અજમેરમાં ખ્વાજાપીર.

## ભાષા.

**સિંધી**—સિંધમાં. **ગુજરાતી**—ગુજરાત ને કચ્છમાં. **મરેઠી**—મહારાષ્ટ્રમાં, હૈદ્રાબાદની ઉત્તરમાં, તથા નાગપુર ને ચંદાની આસપાસ. **કાનડી**—કાનડામાં, બેલારી પ્રાંતમાં, મ્હૈસુરના રાજ્યમાં ને હૈદ્રાબાદની પૂર્વમાં. **ઉર્યા**—ઓરિસાને કિનારે, સંબલપુર ને છોટાનાગપુરમાં. **તેલંગી**—ઓરિસાથી મદ્રાસ સુધી, હૈદ્રાબાદ ને ચંદાની દક્ષિણે ને ગોદાવરીના પ્રદેશમાં. **તામીલ**—મદ્રાસની દક્ષિણે. **મલાયમ**—કાનડાની દક્ષિણે. **હિંદી**—મધ્ય પ્રાંતમાં, મધ્યહિન્દ એજન્સિમાં, રજપૂત સંસ્થાનોમાં, પંજાબમાં, વાયવ્યપ્રાંતોમાં, અયોધ્યામાં ને બહાર પ્રાંતમાં. **બંગાળી**—બંગાળામાં. **આસામી**—આસામમાં. **ઓઢી**—ઓઢીઆમાં. આ સિવાય પ્રાંતભેદની ભાષાઓ ઘણી છે.

## પેદાશ.

હિંદના લોકનો મુખ્ય ધંધો ખેતીનો છે. ઘણું કરતાં વધારે માણસો ખેતી કરેછે. શહેરના લોકો બીજા ધંધા કરેછે.

**વનસ્પતિની પેદાશ**—ડાંગર-બંગાળામાં ને કિનારા પર ઘણી પાકે છે. રાગી, બાજરી ને જાર-મધ્યમાં આવેલા પ્રાંતોમાં પકવવામાં આવેછે. ઘઉં-ઉત્તર હિંદુસ્તાનમાં પાકે છે. નાળીએરીનાં ઝાડ પશ્ચિમ કાંઠાપર પુષ્કળ ઉગેછે. કપાસ-મુંબાઇની આસપાસ ને મધ્ય પ્રાંતોમાં થાય છે. અફીણ-બહાર અને માળવામાં પકવવામાં આવેછે ગળી-બંગાળા ને બહારમાં થાયછે. શણ-પૂર્વ બંગાળામાં થાયછે. ચા-આસામ ને હિમાલયની નજીકપર ઉગાડવામાં આવેછે. બુંદદાણા-પશ્ચિમ કિનારાના પર્વતોમાં થાયછે. ઈમારતી લાકડાં-જંગલોમાં ઘણાં થાયછે. સિંકોના નામે ઝાડ પહાડી પ્રદેશમાં ઉગાડવામાં આવેછે ને તેમાંથી કિનાઈન બનાવેછે. શેરડી, મસાલા, તંબાકુ, કેળાં, કેરી અને બીજાં ફળ પુષ્કળ થાયછે.

**ખનીજ પેદાશ**—કોયલા-બંગાળા ને હિંદુસ્તાનના મધ્ય ભાગમાંથી પુષ્કળ નીકળેછે. સિંધવ-પંજાબમાંથી નીકળેછે હીરા-બુંદેલખંડ ને ગોદાવરીના પ્રદેશમાંથી નીકળેછે. તેમાં કોહીનૂર નામનો મોટો હીરો ગોદાવરીના પ્રદેશમાંથી નીકળેલો આપણા મહારાજા સાતમા એડવર્ડની પાસે છે સોનું-મ્હૈસુર વગેરે કેટલાક પ્રાંતોમાંથી નીકળેછે મીઠું-પંજાબમાં ના ડુંગર છે, સાબર ને લુનાર સરોવર તથા દરિયાના પાણીનું મીઠું બનાવવામાં આવેછે. ખારાઘોડામાં કૂવાના પાણીનું મીઠું બનાવે છે. મોતી-લંકાની આસપાસના દરિયામાંથી નીકળેછે. તે આખી દુનિયામાં સર્વોત્તમ ગણાય છે. ગંધક ને લોઢાની ખાણો ઠેકાણે ઠેકાણે છે.

**પ્રાણીજ પેદાશ**—ગાય, ભેંસ, ઘોડા, બળદ, ઉંટ, ઘેટાં, બકરાં ને કૂતરાં. આ મુખ્ય પ્રાણીઓ પાળવામાં આવેછે. અને હાથી, વાઘ, ચિતા, રીંછ, વરૂ, જુદી જુદી જાતનાં વાંદરાં, અને સાબર જંગલોમાં સંખ્યાબંધ થાયછે પક્ષીઓ પણ ઘણી જાતનાં થાયછે.

**બીજા ધંધા**—વણવાનો, રંગવાનો, ધાતુ ને માટીના ઘાટ બનાવવા વગેરે. યુરોપમાં ને બીજે ઠેકાણે વરાળયંત્ર થવાથી હિં-

હતો સુતરાઉકાપડ વણવાનો ધંધો પડી ભાગ્યો હતો, પણ હાલમાં એવા સંચા ઠેકાણે ઠેકાણે ચાલુ થયા છે, તેથી સુતરાઉ, રેશમી, ને ઉનનાં કાપડ એશીઆંના બીજા દેશોમાં જથાબંધ જાય છે.

## વેપાર.

હાલમાં હિંદુસ્તાનનો દરિયા મારફતનો વેપાર બે અબજ રૂપિયાનો ચાલેછે. **નિકાશ**-રૂ, અનાજ, શણ, અફીણ, તેલી બીઆં, ચા, ચામડાં; ગળી, ઉન, રેશમ, બુંદદાણા, ઇમારતી લાકડાં ને ગંધક વગેરે. **આયાત**-કાપડ, ધાતુઓ, સાંચા, ખાંડ, ખજુર, હાથીદાંત, રેશમ, ચા, કોલસા, ઘડીઆળો, દારૂ, કેરોસીનતેલ, ને ફર્નીચર, વગેરે.

હિંદુસ્તાનનો મુખ્ય વેપાર, ગ્રેટબ્રિટન, ચીન, ફ્રાંન્સ, મસાલાના ટાપુઓ, અમેરિકા, લંકા ને મોરિશિયસ સાથે ચાલે છે. પણ ઘણો વેપાર ગ્રેટબ્રિટન સાથે ચાલે છે.

**ફ્રાન્સમાંથી**—કાપડ ને દારૂ આવેછે ને તેલી બીઆં, રૂ, ગળી બુંદદાણા ને રેશમ જાયછે.

**ચીનમાંથી**—ચાંદી, ચા, કાચું રેશમ, ને સાકર આવે છે અને અફીણ, રૂ, સુતર, ને સુતરાઉ કાપડ જાયછે.

**મસાલાના ટાપુઓમાંથી**—મસાલા, કાચું રેશમ ને કલાઈ આવેછે. અને અફીણ, ચોખા ને સૂતરાઉ કાપડ જાય છે

**અમેરિકામાંથી**—કેરોસીન તેલ આવેછે ને શણ, તેલી બીઆં, ગળી ને ચામડાં જાયછે.

**ઈટાલિમાંથી**—પરવાળાં ને કાચના મણકા આવેછે અને રૂ, તેલી બીઆં, ચામડાં ને ધઉં જાયછે.

**લંકામાંથી**—મસાલા ઇમારતી લાકડું ને હાથીદાંત આવેછે અને ચોખા ને ઢોર જાયછે.

**મોરિશિયસમાંથી**-ખાંડ આવેછે ને અનાજ વગેરે જાયછે.

**ઈરાનો અખાતની આસપાસના મૂલકમાંથી**—ઉંટ, ઘોડા, ખજુર, મોતી, રૂ, ને કાચું રેશમ આવેછે. અને ત્યાં સુ-

તરાઉ કાપડ, ચોખા, ગળી, ને બુંદદાણા જાયછે.

**બલુચિસ્તાનમાંથી**—બોલનઘાટને રસ્તે ચામડાં, ઉન, વગેરે આવેછે, ને કાપડ, અનાજ ને કાચો માલ જાયછે.

**અફગાનિસ્તાનમાંથી**-ખૈબર ઘાટને રસ્તે ઘોડા, સુકો મેવો, હીંગ ને દ્રાક્ષ આવેછે, તેના બદલામાં કાપડ, ને બીજો માલ જાયછે.

**પૂર્વ તાર્તરીમાંથી**—સોનું ને રેશમી કાપડ આવે છે; અને શાલો, ઉનનું ને સુતરાઉ કાપડ ત્યાં જાયછે.

**ટિબેટમાંથી**—લાડકને રસ્તે ચીનાઈ ચા, ને સુંદર ઉન આવેછે; અને શાલો, ઉન અને સુતરાઉ કાપડ જાયછે.

**બ્રહ્મદેશમાંથી**—ચોખા ને મીઠું આવેછે અને સુતરાઉ, રેશમી ને ઉનનું કાપડ જાયછે.

## વેપારનાં સાધન.

**મુખ્ય બંદરો**-કરાંચી, મુંબાઈ, રત્નાગિરિ, ગોવા, કારવાડ, મેંગલુર, કાનાનુર, કાલીકટ, ને કોચીન એ પશ્ચિમ કાંઠે અને તુતુકોરીન, નેગાપટ્ટણ, પાંડુચેરી, મદ્રાસ, મચ્છલીપટ્ટણ, વિશાગાપટ્ટણ, ગંજામ, કલકત્તા, ચિતાગોંગ એ પૂર્વ કાંઠે છે. તેમાં સૌથી મોટાં મુંબાઈ, મદ્રાસ, કલકત્તા ને કરાંચી છે.

**વહાણ ને આગબોટ**—હિંદુસ્તાનનાં બંદરોમાંથી આ દેશનો માલ બીજા દેશોમાં લઈ જવા લાવવાનું કામ કરેછે. અને તેથી પૃથ્વીના ઘણા દેશો સાથે હિંદુસ્તાન જોડાયેલું છે.

**રેલવે**—આ દેશના વિસ્તાર પ્રમાણે જુદી જુદી રેલવે લાઈનો ઘણી છે, ને તેના ફાંટા પણ ઘણા છે. તેથી તે આખા દેશમાં આડી ને અવળી ચારે તરફ ફરી વળી છે ફક્ત હિમાલયના ઠળતા પ્રદેશમાં ( કાશ્મીર, નેપાળ ને ભૂતાનમાં ) તેની લાઈનો નથી. આથી હિંદુસ્તાનના એક ભાગનો માલ બીજા ભાગમાં સહેજ જઈ તથા આવી શકે છે. અને દુકાળ જેવા કઠણ વખતમાં

ઝાઝી હરકત પડતી નથી. વળી એ રેલવેનો નાનાં મોટાં બંદરો સાથે સંબંધ છે. તેથી પરદેશો જોડે વહાણ અને આગબોટો સારી રીતે વેપાર ચલાવી શકે છે. ગાડાંને ભાર ઉચકનારાં જનાવરો-રેલવેસ્ટેશનપર ને બંદરોમાં માલ લઇ જવા લાવવાનું કામ કરે છે. ટપાલ-આથી માલના ભાવની ખબર એક ભાગ-માંથી બીજા ભાગમાં પત્રદ્વારે જાયછે તથા આવેછે. તાર—એકાએક બાબતમાં ફેરફાર થાય ત્યારે વેપારીઓ તેનો ઉપયોગ કરે છે.

## રાજ્યબંધારણ.

આપણો દેશ ઇંગ્લાંડને તાબેછે. ઇંગ્લાંડમાં મહારાજા સાતમા એડવર્ડ રાજ્ય કરેછે માટે આપણે પણ તેમની રૈયત છીએ.

આપણા દેશનું રાજ્યબંધારણ પાર્લામેન્ટમાં એક પછી એક થએલા ઠરાવો ઉપર બંધાએલું છે. પાર્લામેન્ટની ઠરાવો પ્રમાણે ઇં-ગ્લાંડનું પ્રધાન મંડળ જ્યાં જ્યાં બ્રિટિશ રાજ્ય છે ત્યાં ત્યાં રાજ્ય ચલાવેછે. એ પ્રધાનમંડળમાં એક મુખ્ય પ્રધાન છે અને તેને મદદ કરવાને બીજા મેમ્બરોને જુદાં જુદાં કામ સોંપેલાં છે. હિં-દુસ્તાનનું બધું કામ જે મેમ્બર કરે છે તેને સેક્રેટરી ઓફ સ્ટેટ કહેછે. પણ ગવર્નર જનરલની નીમણુક મુખ્ય પ્રધાન કરેછે. તેમજ હિંદુસ્તાનનો મુખ્ય સેનાધિપતિ ઇંગ્લાંડના સેનાધિપતિના ઉપરીપણા નીચે હોય છે. સેક્રેટરી ઓફ સ્ટેટને મદદ કરવા સારૂ પંદર સભાસદોની એક સભા છે. તેઓની નીમણુક દશ દશ વર્ષે બદલાયછે. પણ પ્રધાન મંડળ બદલાય તો તરતજ સેક્રેટરી ઓફ સ્ટેટની સભા બદલાય. તે સભાના દરેક મેમ્બરને બારસેં પૌન્ડનો પગાર મળેછે ને તે દરેક મેમ્બરને એકેકું ખાતું સોંપવામાં આવે છે. તેથી સેક્રેટરીની પાસે ઘણુંકામ રહેતું નથી. પણ બધાંએ કામનો જોખમદાર સેક્રેટરી ઓફ સ્ટેટ છે, તેથી સેક્રેટરી કોઈ કોઈ વખતે સભાસદોના મતને ન ગણતાં પોતાની મરજી મુજબ ચાલે છે. ગ-

ગવર્નરજનરલ હિંદુસ્તાનમાં મહારાજાનો પ્રતિનીધિ છે. તોપણ સેક્રેટરી ઓફ સ્ટેટના તાબામાં છે. હિંદુસ્તાનપર મોકલવાનો દરેક હુકમ સેક્રેટરી ઓફ સ્ટેટની સહીનો હોયછે. ગવર્નરજનરલ તો ફક્ત તેને સોંપેલા મુલકમાંજ સત્તા ભોગવેછે. પણ પાર્લામેન્ટમાં હિંદુસ્તાન સંબંધી કાંઇ કામ થાય છે, ત્યારે તો ત્યાં તેના મતને કોઈ સંભારતુંએ નથી.

ગવર્નરજનરલને વૌઇસિરોય કહે છે. તેને મદદ કરવાને બે કાઉન્સીલો છે. એક કાઉન્સીલ રાજ્ય ચલાવવામાં મદદ કરે છે ને બીજી કાઉન્સીલ કાયદા કરવામાં મદદ કરે છે. વૌઇસરોય કાંઇ કામ કાઉન્સીલ સિવાય કરી શકતો નથી. તોપણ તેને સ્વતંત્ર સત્તા છે.

**રાજ્ય ચલાવનારી કાઉન્સીલ**—આ સભામાં સાત સભાસદો હોયછે, તેમાં એક હિંદુસ્તાનનો સેનાધિપતિ ને બાકીના છ સ્ટેટ સેક્રેટરી નીમેછે એ છ માં ઇંગ્લાંડમાં અનુભવ મેળવેલો એક બારીસ્ટર, બીજો વસુલાત વિષેની માહિતીવાળો, અને બાકીના ચાર હિંદુસ્તાનના મોટા અમલદારો જોઇએ; ને તેમણે બીજી નોકરી કરી જોઇએ નહિ. આ બધા સભાસદોને આનરેબલ કહેછે. આ સભા મળેછે ત્યારે લોકોને જોવા આવવા દેતા નથી. દેશમાં અને પરરાજ્યો સાથે કેમ ચાલવું તે આ સભા નક્કી કરેછે તથા કાયદા બાંધનારી કાઉન્સીલને સારૂ પણ કામ તૈયાર કરી રાખેછે.

**કાયદા બાંધનારી કાઉન્સીલ**—આ કાઉન્સીલમાં ઉપલા સાત કાઉન્સીલરો તો સભાસદ હોયછેજ. અને બીજા વધારાના સભાસદો નીમવામાં આવેછે. તેમની નીમણુક વૌઇસરોય કરેછે. એ સભામાં કેટલાક મેમ્બરો મોકલવાનો હક થોડાં વરસ થયાં રૈયતને મળ્યો છે. આ સભાના દરેક સભાસદોને પણ આનરેબલનો ખિતાબ હોય છે. આ સભા મળેછે તેમાં લોકોને જોવા આવવા દેછે. વૌઇસરોય આ સભામાં પ્રમુખ તરીકે બેસેછે ને કાયદા વિષે સભાસદોની તકરાર સાંભળેછે. ઘણા મતે જે કાયદો થાય,

અને વોઇસરૌય મંજુરી આપે એટલે કાયદો થયો કહેવાય છે. પણ આવી રીતે થયેલો કાયદો સેક્રેટરી ઓફ સ્ટેટ નામંજુર કરી શકે.

મદ્રાસ અને મુંબાઈ ઇલાકાના ગવર્નરોને વોઇસરોયના પેઠે બન્ને કાઉન્સીલો છે. લેફ્ટેનેન્ટ ગવર્નરોને ફક્ત કાયદાજ કરનારી કાઉન્સીલો છે.

હિંદુસ્તાનમાં પ્રથમથીજ ઇન્સાફ આપવાનું કામ અને રાજ્ય ચલાવવાનું કામ જુદા જુદા માણસોના હાથમાં છે. ઇન્સાફને માટે કલકત્તા, મદ્રાસ, મુંબાઈ, ને અલ્હાબાદમાં એકેક હાઇકોર્ટ છે. આ દરેક કોર્ટમાં પ્રમુખ તરીકે એકેક ચીફજસ્ટીસ છે. આ કોરટો ઉપર ઇંગ્લાંડની પ્રીવીકાઉન્સીલમાં અપીલ ચાલી શકે છે. આ હાઇકોરટો ઇલ્લા જડજોની કોરટોપર દેખરેખ રાખે છે. આપણે મુંબાઈ ઇલાકામાં રહીએ છીએ. આ ઇલાકાના સૌથી મોટો ઉપરી ગવર્નર છે ને તે મુંબાઇમાં રહે છે. મુંબાઈમાં હાઇકોરટ છે. તે કાયદા પ્રમાણે ન્યાય કરેછે ને ન્યાયખાતું તેની તાબામાં છે. આ ઇલાકાના સિંધ, ઉત્તર વિભાગ, મધ્ય વિભાગ, ને દક્ષિણ વિભાગ એવા ચાર ભાગ કરી દરેક ભાગ કમીશનરને સોંપેલા છે. તેપર ગવર્નરની દેખરેખ છે.

કમીશનરના હાથનીચેના રાજ વહિવટની હકીકત આગે મુંબાઈ ઇલાકાની ભૂગોળમાં આપી છે માટે અત્રે લખવામાં આવી નથી.

હિન્દમાં રાજ્ય ત્રણ તરેહનાં છે(૧) ઇંગ્રેજ સરકારનો ખાલસા મુલક (૨) ઇંગ્રેજ સરકારના રક્ષણ નીચેનાં દેશી રાજ્યો. તેમાં કેટલાંક ગવર્નરજનરલના તાબામાં ને કેટલાંક સ્થાનીક સરકારોના હાથનીચે છે. (૩) સ્વતંત્ર દેશી અને પરદેશી રાજ્યો છે. તે ઇંગ્રેજ સરકારની સાથે દોસ્તી રાખે છે.

## રાજકીય ભાગ.

| ભાગ. | અંગ્રેજી અધિકારી. | શહેર. |
|---|---|---|
| ૧ મુંબાઈ ઇલાકો. | ગવર્નર. | મુંબઇ, અમદાવાદ, પુના, વડોદરા, સુરત, હૈદ્રાબાદ, ભુજ, ઇ. |

| | | | |
|---|---|---|---|
| ૨ | મદ્રાસ ઇલાકો. | ગવર્નર. | મદ્રાસ, મછલીપટ્ટણ, રાજમહેંદ્રી, આર્કાટ, ઇ૦ |
| ૩ | મહિસૂર ને કુર્ગ. | કમીશનર. | મહિસૂર, શ્રીરંગપટ્ટણ, બેંગલુર ઇ. |
| ૪ | વરાડસહિતહૈદ્રાબાદ. | રેસીડેંટ. | હૈદ્રાબાદ, ઔરંગાબાદ, બેદર, ઇ. |
| ૫ | મધ્યપ્રાંત. | કમીશનર. | નાગપુર, જબલપુર, રાયપુર, ઇ. |
| ૬ | મધ્યહિંદ એજન્સી | ગવર્નર જનરલનો એજન્ટ. | ગ્વાલિયર, ઇંદોર, ભોપાળ, [ રેવા. ઇત્યાદિ. |
| ૭ | રજપૂતસંસ્થાન. | ,, | ઉદેપુર, જોધપુર, જેપુર, ઇ. |
| ૮ | પંજાબ. | લેફ્ટેનેન્ટ ગવરનર. | લાહોર, મુલતાન, અમૃતસર, દિલ્લી ઇ. |
| ૯ | વાવ્યપ્રાંત. | ,, | અલ્લાહાબાદ, આગ્રા, મથુરા, ઇ. |
| ૧૦ | અયોધ્યા. | કમીશનર. | લખનોર, ફૈઝાબાદ, અયોધ્યા. |
| ૧૧ | બંગાળાઇલાકો. | લેફ્ટેનેન્ટ, ગવર્નર. | કલકત્તા, ઢાકા, મુર્શીદાબાદ, પટણા ઇ. |
| ૧૨ | આશામ. | કમીશનર. | ગૌહત્તી. |
| ૧૩ | સ્વતંત્ર પહાડી રાજ્ય. | કમીશનર. | ખટમંડુ. તાસીટ્યુદન, ઇ. |
| ૧૪ | પોર્ટુગીઝ ને ફ્રેન્ચ સંસ્થાન. | ( સ્વતંત્ર ) | ગોવા. પાંડીચેરી, ઇ. |

## ભાગ ૩ જો.

### પ્રાંતવાર વર્ણન.

# ૧ મુંબાઈ ઇલાકો.

### સ્વરૂપ.

પશ્ચિમ કિનારાના ઉત્તર બાગમાં આવેલી લાંબી પટી અને આખો સિંધ પ્રાંત મળી આ ઇલાકો થએલો છે. સીમા. ઉત્તરે-

બલુચિસ્તાન ને પંજાબ. પૂર્વે-રજપૂત સંસ્થાન, માળવા, મધ્યપ્રાંત, નિઝામનું રાજ્ય, ને મદ્રાસ ઇલાકો. દક્ષિણે-મ્હેસુરનું રાજ્ય ને મદ્રાસ ઇલાકો. પશ્ચિમે અરબી સમુદ્ર, અને હાલા પર્વત સમુદ્ર અરબી. અખાત-કચ્છનો ને ખંભાતનો, એ અરબા સમુદ્રના ફાંટા છે. દ્વીપકલ્પ-કાઠિયાવાડ ભૂશીર-રાસમોરારી, જગત્ પોઇન્ટ ને દીવ. દ્વીપ-મુંબાઇ, વસાઇ, ઘારાપુરી ને સાષ્ટી વગેરે. ક્ષેત્રફળ આ ઇલાકામાં એક લાખને પચાશહજાર ચોરસ મૈલ જમીન છે; એટલે હિંદુસ્તાનની જમીનનો લગભગ $\frac{1}{12}$ ભાગ છે. પર્વતો-સંહ્યાદ્રિ ( પશ્ચિમઘાટ,) સાતપુડા, પાવાગઢ, આરાસુર, આબુ, શેત્રુંજો, ગિરનાર, ને હાલા. દક્ષિણ ભાગમાં પશ્ચિમ કિનારાને લગતો સંહ્યાદ્રિ પર્વત આવેલો છે તેથી દક્ષિણના ઉચ્ચ પ્રદેશનો ઢાળ પૂર્વ તરફનો ને કોકણની સાંકડી પટીનો ઢાળ પશ્ચિમનો છે. ગુજરાતની પૂર્વ ને ઉત્તર હદ તરફ ડુંગરા આવેલા છે તેથી તેનો ઢાળ દરિયા તરફનો છે. ને સિંધનો ઢાળ દક્ષિણ તરફનો છે. કચ્છ ને કાઠિયાવાડના મધ્ય ભાગમાં ડુંગરા આવેલા છે તેથી તેનો ઢાળ બધીએ દિશાઓમાં છે નદીઓ-સિંધુ, સાબરમતી, મહી, નર્મદા, તાપી, ગોદાવરી, કૃષ્ણા, તુંગભદ્રા ને વર્ધા વગેરે. નદીઓ દેશને રસાળ કરે છે. પ્રાંતો—૧ સિંધ, ૨ કચ્છ, ૩ ગુજરાત, ૪ મહારાષ્ટ્ર ( દક્ષિણ ને કોકણ ) ને ૫ દક્ષિણ મહારાષ્ટ્ર.

હવાપાણી—સિંધ ગરમ ને સુકો પ્રદેશ છે, તેના ઉપલા ભાગમાં તાપ વધારે પડે છે; ને વરસાદ ૩ થી ૧૦ ઇંચ સુધી વરસે છે, પણ સિંધુ નદીમાં ઉનાળામાં રેલ આવે છે તેથી આ ભાગ રસાળ છે. કચ્છ દરિયા કિનારાનો મુલક છે તેથી ત્યાંની હવા સાધારણ છે, તેમાં વરસાદ ૧૦ થી ૨૦ ઇંચ સુધી વરસે છે. ગુજરાત ને દક્ષિણમાં કચ્છના કરતાં ટાઢ ને તાપ વધારે પડે છે, અને વરસાદ ૨૦ થી ૩૦ સુધી વરસે છે ને તે નૈઋત્ય કોણમાંથી આવે છે. પણ પશ્ચિમ ઘાટની આજુબાજુ ૮૦ ઇંચ સુધી વર-

સાદ પડેછે તેથી તે ભાગની હવા ઠંડી રહે છે. **હવા ખાવાની જગ્યાઓ**—આબુ, માથેરાન (મુંબાઇની પાસે,) ને મહાબળેશ્વર (સતારાની વાવ્ય કોણમાં.)

**લોક, ધર્મ, ને ભાષા**—વસ્તી લગભગ બે કરોડ માણસની છે. તેનો ૧/૬ ભાગ મુસલમાન છે, ને ૮૦ હજાર પારસીઓ છે, તે જરતોસ્તી ધર્મ પાળેછે; ખ્રિસ્તિ ને યાહુદી થોડા છે. દર ચોરસ મૈલે ૧૬૦ માણસ વસે છે સિંધમાં સીંધી, ખંભાતના અખાતની આસપાસ ગુજરાતી, મુંબાઇની આસપાસ મરેઠી ને છેક દક્ષિણમાં કાનડી ભાષા બોલાય છે. **જાત્રાનાં ઠેકાણાં**—દ્વારકા, ડાકોર, અંબાજી, સિધપુર, નાશિક, પંઢરપુર, વગેરે હિંદુનાં. ગિરનાર, આબુ ને પાલીતાણા, જૈનનાં. ઉદવાડા, પારસીનું.

**પેદાશ**—મુખ્ય પેદાશ અનાજ (ડાંગર, બાજરી, ઘઉં, જુવારને કઠોળ) કપાસ ને *તેલીબીઆંની છે. સંહ્યાદ્રિના પશ્ચિમ કાંઠાપર નાળીએરીનાં ઝાડ ઘણાં છે, તથા ડાંગર પણ ઘણી પાકે છે. પર્વત ને ડુંગરોમાં ×જંગલની પેદાશ થાય છે. ભરૂચ, ખાનદેશ, ધારવાડ ને કલાદગી જીલ્લામાં કપાસ થાયછે.

## વેપાર.

**નીકાશ માલ**—રૂ, અફીણ, તેલીબીઆં, ઘઉં, સુતરાઉ કાપડ, ઊન. તેમાં અફીણ માળવામાંથી આવે છે ને તે ચીન જાય છે **આયાતમાલ**-કાપડ, ધાતુઓ, સાંચા, ફર્નીચર, કોયલા દારૂને દાગીના. **બંદરો**-મુંબાઇ, કરાંચી, માંડવી, [illegible], ભાવનગર, ખંભાત, રત્નાગીરી કારવાડ વગેરે. તેમાં મુંબાઇ એ એશિયાખંડમાં મોટામાં મોટું બંદર છે. તેનો પરદેશ સાથેનો વેપાર ૮૫ કરોડનો છે. તેમજ આ કિનારે આવેલાં બીજાં બંદરો પણ વેપાર

---

* તલ, દીવેલી, સરસવ, અળશીને ખસખસ વિગેરે તેલ જેમાંથી નીકળે છે તે.

× ઈમારતી લાકડાં (સાગ, વાંસ, વળીઓ.) લાખ, મધ, વિગેરે.

ચલાવે છે. મુખ્યત્વે કરીને હિંદુસ્તાનનો સાંતિઆની વેપાર આ ઇલાકાનાં બંદરોથી ચાલે છે.

**રેલવેઓ.** ૧ ધી ઇન્ડીયન પેનીનસુલા રેલવેની ૧ લી શાખા મુંબાઇથી કલકત્તા તરફ ને બીજી શાખા મદ્રાસ તરફ ગયેલી છે. ૨ બોમ્બે બરોડા ઍન્ડ સેન્ટ્રલ ઇન્ડિયા રેલવે–ખંભાતના અખાતની આસપાસના મૂલકમાં છે તે મુંબાઇથી ઉત્તરમાં જાયછે. ૩ ધી નોર્થ વેસ્ટર્નરેલવે (નોર્થ=ઉત્તર×વેસ્ટર્ન=પશ્ચિમની એટલે વાયવ્ય ખૂણાની રેલવે) કરાંચીથી દિલ્લી તરફ જાય છે. ૪ ધી સધર્ન મરેઠા રેલવે–એ મુંબાઇ ઇલાકાના દક્ષિણભાગમાં આવેલી છે.

**રાજ્યનીતિ**–આ ઇલાકાના સઘળા મોટા ઉપરી અધિકારીને ગવર્નર કહે છે. તેના હાથ નીચે તેને મદદ કરવાને બે કાઉન્સીલો છે; તેમાંની એક રાજ્ય ચલાવવામાં ને બીજી કાયદા બાંધવામાં મદદ કરે છે.

સિંધ, ઉત્તરભાગ, મધ્યભાગ ને દક્ષિણભાગ એવા ચાર મોટા ભાગ પાડી દરેક ભાગ કમીશનરને સોંપેલા છે. તેઓ સરકારની ઉપજ (વસુલાત) સારી રીતે સંભાળે છે આ ઇલાકાની વસુલાત તેર કરોડની છે. તેમાં ૨ અફીણની છે. **મુખ્ય દેશી રાજ્યો**— કચ્છ, ગાયકવાડ, કાઠિયાવાડ, કોલાપુર વગેરે આવેલાં છે.

## શહેરો.

**મુંબાઇ**—એ આ ઇલાકાની રાજધાનીનું શહેર છે. એમાં ગવર્નર રહે છે ને એ મોટામાં મોટું બંદર છે

**પુના**—મહારાષ્ટ્ર પ્રાંતની રાજધાની, મૂળામુઠા નદી ઉપર, અસલ પેશ્વાની રાજધાની હતું.

**અમદાવાદ**—એ ગુજરાતની રાજધાની, સાબરમતીના કાંઠા ઉપરછે.

**હૈદરાબાદ**—સિંધુનદી ઉપર સિંધપ્રાંતનું મુખ્ય શહેર છે.

**કરાંચી**—સિંધપ્રાંતમાં મોટામાં મોટું બંદર છે.

**ભુજ**—કચ્છપ્રાંતની રાજધાનીનું શહેર છે.

**વડોદરા**—એ ગાયકવાડ સરકારની રાજધાની, વિશ્વામિત્રી નદી ઉપર છે.

**રાજકોટ**—આજીનદી ઉપર, એમાં રાજકુમાર કૉલેજ છે. તથા પોલીટીકલ એજન્ટ રહે છે.

**સતારા**—એ અસલ મરેઠાની રાજધાનીનું શહેર હતું.

**કારવાડ**—એ મુંબાઈ અને કરાંચીથી ઉતરતું ત્રીજા નંબરનું મોટું બંદર છે.

**છાવણીઓ**-ભૂજ, રાજકોટ, અમદાવાદ, ડીસા, મુંબાઈ, પુના, વગેરે.

**બીજાં શહેર**—શિકારપુર, હૈદ્રાબાદ, ઉમરકોટ, કોટ્રી, નડીઆદ, ડીસા, ઈડર, નાંદોદ, અહમદનગર, સોલાપુર, ને બેલગામ છે.

**વિશેષહકીકત**—કચ્છનાઅખાતમાંથી મોતી નીકળે છે. ખારાઘો-ડાનું મીઠું વખણાય છે. ને ખાનદેશ જીલ્લામાં ઢોર ઘણાં છે.

---

# ૨. મદ્રાસ ઈલાકો.

## સ્વરૂપ.

આ ઇલાકામાં હિંદુસ્તાનનો છેક દક્ષિણનો ભાગ ને બંગાળાના ઉપસાગરની પશ્ચિમ કાંઠે આવેલી લાંબીપટી છે. તેમાં દક્ષિણના ઉચ્ચ પ્રદેશનો કેટલોક ભાગ આવેલો છે; પૂર્વ કિનારો ઉત્તર સિવાય સપાટ છે. **સીમા**. ઉત્તરે મ્હૈસુર, નિજામનું રાજ્ય ને ઓઢીઆપાંત, પૂર્વે બંગાળી સમુદ્ર. દક્ષિણે મનારનો અખાત, પશ્ચિમે અરબી સમુદ્ર. **સમુદ્ર**—અરબી, બંગાળી ને હિંદી મહાસાગર **અખાત**-મનારનો. **ભૂશોર**—કન્યા કુમારી. **સામુદ્રધુની**—પાકની (બંગાળી સમુદ્ર ને મનારના અખાતને જોડે છે). **સરોવરો**—ચીલકા, કોલર. ને પુલીકાટ. **ક્ષેત્રફળ**—લગભગ એક લાખ ને બુંતાલીસહજાર ચોરસમૈલ છે. એટલે હિંદુસ્તાનના લગભગ ... ભાગનો જમીન છે. તેમાં દરિયા કિનારો ૧૮૦૦ મૈલ લાંબો છે.

**પર્વતો**—પશ્ચિમ ઘાટને પૂર્વ ઘાટ એ બે મુખ્ય પર્વત છે. ઈશાનમાં નિલગિરિ પર્વતમાં જોડાએલાછે. પાલઘાટ ખીણ નિલગિરિથી દક્ષિણે છે તેમાં ઉંચામાં ઉંચો ભાગ નીલગિરિ પર્વત વાળોછે. દરિયા કિનારાની જમીન નીચીછે. પશ્ચિમ ઘાટ કરતાં પૂર્વ ઘાટ નીચોછે તેથી તે તરફનો ઢાળછે. **નદીઓ**—ગોદાવરી, કૃષ્ણા, પનાર, પલાર ને કાવેરી વગેરે નદીઓ આ ઇલાકાની જમીનને રસાળ કરેછે. **પ્રાંત**—ઉત્તર સરકાર, કર્ણાટક ને મલબાર.

**હવા પાણી**—મુખ્યત્વે કરીને પૂર્વ કાંઠે હવા ગરમછે. ત્યાં ઉત્તર હિંદુસ્તાન જેટલો સખત તાપને ટાઢ પડતાં નથી. દક્ષિણના ઉચ્ચ પ્રદેશમાં ૩૦ ઇંચ, પૂર્વ કાંઠે ૫૦ ઇંચ ને પશ્ચિમ કાંઠે પર્વતોમાં વધારે એટલે ૧૩૦ ઇંચ સુધી વરસાદ પડેછે. સંહ્યાદ્રી પર્વતની પશ્ચિમે નૈરૂત્યકોણ તરફથી વરસાદ વરસતો આવેછે અને પૂર્વમાં તથા કોરોમાંડલ કાંઠે ઇશાનમાંથી આવેછે. તે સપ્ટેમ્બરથી શરૂ થાયછે. **હવા ખાવાની જગાઓ** ઉતકમંડ ને દીંડીગલ.

**લોક, ધર્મને ભાષા**—વસ્તી ત્રણ કરોડ ને પંચાવન લાખ માણસનીછે. તેનો $\frac{1}{16}$ ભાગ મુસલમાનછે ને હિંદુસ્તાનના બીજા બધા ભાગ કરતાં આ ઇલાકામાં ખ્રિસ્તીઓ વધારેછે. વસ્તીનો મુખ્ય ભાગ હિંદુનોછે. ને તેનો મોટો ભાગ શીવ ધર્મીછે. દર ચોરસ મૈલે ૨૫૦ માણસ વસેછે. ઉરીયા ભાષા—ઉત્તર સરકાર પ્રાંતમાં, તેલીંગ ભાષા—મદ્રાસથી ઉત્તર સરકાર સુધીછે. તામીલ ભાષા—મદ્રાસથી કન્યાકુમારી સુધી. મલાયમ ભાષા—કન્યાકુમારીથી કાનડા સુધી, કાનડી ભાષા—કાનડામાં તથા બેલારી પ્રાંતમાં બોલાયછે. **જાત્રાનાં ઠેકાણાં** શ્વેતબંદુ રામેશ્વર.

**પેદાશ**—મુખ્ય પેદાશ અનાજ ( ડાંગેર ને રાગી, ) કપાસ, તેલીબીયાં, ભુંદદાણા ગળી. તંબાકુ ને કાટ. ડાંગર કિનારાપર પાકેછે. રાગી નામનું અનાજ દેશના અંદરના ભાગમાં ઘણું પાકેછે, કપાસ બેલારી, ત્રિનેવેલી કર્નુલ એ ભાગોમાં થાયછે. ભુંદદાણા

પશ્ચિમઘાટ ને નીલગીરીમાં થાયછે, ગળી આર્કોટ ને નેલોરમાં થાયછે, તંબાકુ ગોદાવરીને કાંઠે ને મદુરામાં થાયછે, કાટ (ઇમારતી લાકડાં) મલબાર કાંઠે થાયછે. એ મલબારી સાગ ઘણો વખણાયછે.

## વેપાર.

**નીકાશ માલ**—ચામડાં, રૂ, ભુંદદાણા, તેલીબીઆં, ચોખા, ગળી, ખાંડ મલબારી સાગ વગેરે. **આયાત માલ**-કાપડ, ચોખા, ધાતુઓ, દારૂ, ફર્નીચર ને સાંચા કામ. **બંદરો**—મદ્રાસ, મછલીપટ્ટણ, કોકણદ, વિશાખાપટ્ટણ, નેગાપટ્ટણ, ને તુતિકોરીન એ કોરોમંડલ કાંઠેછે; ને મેંગ્લોર, કાનાનોર, તીલેચરી, કાલીકટ, કોચીન એ મલબાર કાંઠેછે. તેમાં મદ્રાસ આ ઇલાકામાં સૌથી મોટામાં મોટું બંદરછે. આ ઇલાકાનો પરદેશ સાથેનો વેપાર ૧૭ કરોડ રૂપૈઆનોછે તે મુંબાઇના વેપારનો ½ છે. **રેલવેઓ**-૧ મદ્રાસ રેલવેની એક શાખા મુંબાઇ તરફ ને બીજી શાખા કાલીકટ સુધી જાયછે. ૨ સાઉથ (દક્ષિણ) ઇન્ડિઅન રેલવે. મદ્રાસથી તુતિકોરીન સુધી જાયછે. ૩ સધર્ન[1] મરેઠા રેલવે આ ઇલાકાના ઉત્તર ભાગમાં આવેલીછે. ૪ થી ઇસ્ટકોસ્ટ[2] રેલવે મદ્રાસ ઇલાકાને ને બંગાળા ઇલાકાને સાંધેછે.

**રાજનીતિ**—આ ઇલાકાનો મુખ્ય અધિકારી ગવર્નરછે તેને મદદ કરવાને એ કોંસીલોછે. ને કમીશનરોને પ્રાંત સોંપેલા હોયછે. ઉપજ આશરે ૧૧ કરોડનીછે. **દેશી રાજ્યો**-ત્રાવણકોર ને કોચીન.

## શહેરો.

**મદ્રાસ**—એ આ ઇલાકાની રાજધાનીનું શહેરછે તેમાં ગવર્નર રહેછે. ને આ ઇલાકામાં મોટામાં મોટું બંદર છે.

---

૧ સધર્ન=હિંદુસ્તાનના દક્ષિણ ભાગમાં આવેલી

૨ ઇસ્ટ કોસ્ટ=ઈસ્ટ=પૂર્વ+કોસ્ટ કિનારો પૂર્વ કિનારાની

**અર્કાટ**—એ કર્ણાટક પ્રાંતની રાજધાનીનું શહેરછે.

**બેલ્લારી**—રૂનાં વેપારનું મથકછે.

**કર્નુલ**—એ તુંગભદ્રાના કાંઠા ઉપર શહેરછે.

**બીજાં શહેર**—રાજમહેંદ્રી, ત્રિચિનોપોલી, કાંજેવરમ, કડપા, સેલમ, મધુરા, કોઇમ્બતુર, તંજાવર, વેલુર, ગંતુર, ગંજામ. ઈ.

**વિશેષ હકીકત**—ગોદાવરી ને કૃષ્ણા નદીના પ્રાંતોમાંથી હીરા જડે છે. લોઢાની ખાણો ઠેકાણે ઠેકાણેછે. કારોમાંડલ કાંઠે ને મનારના અખાતમાંથી મોતી કાઢેવામાં આવેછે.

---

## ૩. મ્હેશૂર ને કુર્ગ.

### સ્વરૂપ.

દક્ષિણના ઉચ્ચ પ્રદેશમાં મદ્રાસ ઇલાકાના પશ્ચિમ ભાગમાં આ પ્રાંત આવેલોછે. **સીમા**—એની ચારે બાજુએ મદ્રાસ ઇલાકો વીંટાએલોછે. **ક્ષેત્રફળ**—લગભગ ૨૮ હજાર ચોરસ મૈલછે. **પર્વતો** પૂર્વઘાટ, નિલગિરિ, ને નંદીદુર્ગ વગેરે ઉત્તર દિશા સિવાય બાકીની દિશાઓએ આવેલાછે. અને તેથી ઉત્તર અને અગ્નિ ખુણાનો ઢાળછે. **નદીઓ**—તુંગભદ્રા ને કાવેરી નદીઓ આ ભાગની જમીનને રસાળ કરેછે. **ભાગ**—મ્હેસુર ને કુર્ગ.

**હવાપાણી**—તાપ ને ટાઢ મદ્રાસ ઇલાકા જેવાંછે. વરસાદ ૫૦થી ૧૦૦ ઇંચ સુધી વરસેછે તેની શરૂઆત નૈરૃત્ય ને ઇશાન કોણ તરફથી થાયછે.

**લોક ધર્મ ને ભાષા**—એમાં ૫૦ લાખ આશરે વસ્તીછે. તેમાં ઘણો ભાગ હિંદુનોછે. ને મુસલમાની વસ્તી પણ પ્રમાણમાં ઠીકછે. કાનડી ભાષા બોલાયછે.

**પેદાશ**—અનાજ ( મુખ્ય રાગી ) ખુંદદાણા, એલચી, સોપારી, લવીંગ, ને ઇમારતી લાકડાં.

### વેપાર.

**નિકાસ**—સોપારી, નાળીએર, તેજાનો ખુંદહાણ્ણા ને સોનું. **આયાત**—કાપડ, ધાતુઓ, ફર્નીચર સાંચા ને દારૂ. **રેલવે**—ધી સધર્ન મરાઠા રેલવેના ફાંટાછે.

**રાજનીતિ**—આ દેશી રાજ્ય હિંદુ રાજાના તાબામાંછે ને તે મહારાજા કહેવાયછે. આ રાજ્ય ઉપર ઇંગ્રેજ સરકાર તરફથી દેખરેખ રાખવાને કમીશનર બેંગ્લોરમાં રહેછે. કુર્ગ પ્રાંત ઈ. સ. ૧૮૩૪ માં ઇંગ્રેજ સરકારે ખાલુસા કરેલોછે. તેનો વહિવટ પણ મ્હેશુરનો કમીશનર કરેછે.

### શાહેરો.

**મ્હેસૂર**—એ રાજધાનીનું શહેરછે ને તેમાં મહારાજા રહેછે.

**શ્રીરંગપટ્ટણ**—કાવેરીનદીના બેટમાં બાંધેલુંછે ત્યાં પહેલાં હૈદરની રાજધાની હતી. અહિંનાં હવાપાણી ખરાબછે. માટે હાલ તે ઉજડ જેવું છે.

**બેંગ્લોર**—એમાં કમીશનર સાહેબ રહેછે તથા ત્યાં લશ્કરી છાવણીછે. ને બગીચા ઘણાછે.

**મર્કારા**—એ કુર્ગ પ્રાંતની રાજધાનીછે.

**બીજાં શાહેરો**—કોલર, બેદનુર, હરિહર કસબા ને શીમોગા.

**વિશેષ હકીકત**—અહિંનાં જંગલોમાં હાથી થાય છે ને સોનાની ખાણો ઉઘાડવામાં આવી છે.

---

## ૪. હૈદ્રાબાદને વરાડ.

### સ્વરૂપ.

સાતપુડા પર્વતની દક્ષિણે દક્ષિણના ઉચ્ચ પ્રદેશમાં સૌથી મોટું દેશી રાજ્ય છે. **સીમા.** ઉત્તર અને ઇશાને—મધ્યપ્રાંતો. પૂર્વે

અને દક્ષિણે-મંદ્રાસ ઇલાકો. પશ્ચિમે-મુંબાઈ ઇલાકાનો દક્ષિણનો ભાગ. **ક્ષેત્રફળ**-આ ભાગોનું ક્ષેત્રફળ લગભગ એક લાખ ચોરસ મૈલ છે. ત્યાંની જમીન કાળી તથા એમાં મોટા પર્વતો નથી પણ ઠેકાણે ઠેકાણે ડુંગરાઓ છે, ને એનો ઢાળ અગ્નિખૂણ તરફનો છે. સરોવર ઘણાં છે, તેમાં મુખ્ય લુનારનું છે તેનું પાણી ખારૂં છે. તેના પાણીનું મીઠું પાકે છે. **નદીઓ**-ગોદાવરી, કૃષ્ણા, પેનગંગા, વર્ધા, તુંગભદ્રા ને ભીમા વગેરે નદીઓ આ ભાગની જમીનને રસાળ કરેછે **ભાગ**-હૈદ્રાબાદને વરાડ.

**હવાપાણી**-તાપ અને ટાઢ સમ પ્રમાણમાં છે. એટલે સખત પડતાં નથી. વરસાદ લગભગ ૩૦ ઇંચ સુધી પડે છે ને તેની શરૂઆત ઇશાન કોણમાંથી થાય છે.

**લોક ભાષાને ધર્મ**-વસ્તી લગભગ એક કરોડને તેત્રીસ લાખ માણસની છે. મુખ્ય જાતો હિંદુ અને મુસલમાનોની છે. ઉત્તરમાં મરેઠી; પૂર્વમાં તેલગુ ને દક્ષિણમાં કાનડી ભાષા બોલાય છે. પણ મુસલમાનો હિંદુસ્તાની ભાષા બોલે છે.

**પેદાશ** અનાજ ( મુખ્ય રાગી, ) રૂ, તેલીબીઆં ને મીઠું.

## વેપાર.

**નિકાશ**-રૂ, તેલીબીઆં, ચામડાં ને મીઠું. **આયાત**-કાપડ, ધાતુ, ચોખા, દારૂ ને ફર્નીચર. **રેલવે**-ધી નિઝામ રેલવે આ રેલવેના ફાંટા બીજી રેલવેને મળે છે.

**રાજનીત** આ રાજ્યનો હાકેમ નિઝામ કહેવાય છે ને તે મુસલમાન છે. તેના રાજ્યપર દેખરેખ રાખવાને ઇંગ્રેજ સરકાર તરફથી રેસીડેન્ટ સીકંદ્રાબાદમાં રહેછે. વરાડ પ્રાંત ઇંગ્રેજને તાબેછે તેનો વહિવટ પણ ઉપરનો રેસીડેન્ટ કરેછે.

## શહેરો.

**હૈદ્રાબાદ**—એ મુસી નદીપર નિઝામની રાજધાનીનું શહેર

છે, તે દક્ષિણ હિંદુસ્તાનમાં મદ્રાસથી ઉતરતું નંબરેછે.

**વેરૂલ (ઈલૉરા)**—એ પર્વતમાંથી કોતરી કાઢેલી ગુફાઓને માટે પ્રખ્યાતછે.

**જાલના**—એમાં લશ્કરી છાવણીછે, ત્યાં રેશમી કાપડ સારૂં થાયછે.

**બેદર**—મંજીરા નદીના કાંઠાપરછે, ત્યાંનાં સોનારૂપાની કારીગરીવાળાં પીતળનાં વાસણ વખણાયછે. એની પાસે સોલંકી રાજાઓની રાજધાનીનું કલ્યાણ નગર હતું.

**સિકંદ્રાબાદ**—એમાં લશ્કરી છાવણીછે. તથા રેસીડેન્ટ રહેછે.

**ઉમરાવતી ને ખાંમગામ**—રૂના વેપારનાં મથકોછે.

**ઈલીચપુર**—તાપી નદીના મૂળ પાસેછે.

**પૈઠણ**—અહિંની પાઘડીઓ વખણાયછે.

**બીજાં શહેરો**—ઔરંગાબાદ, ગોવળકાંડા, દોલતાબાદ, (દેવગઢ) આકોલા, કોરીંગા, શીઆગામ ને ગુલબર્ગા.

**વિશેષ હકીકત**—વર્ધા નદીની પાસે વન જીલ્લામાં કોયલાની ખાણોછે.

---

# ૫. મધ્ય પ્રાંતો.

## સ્વરૂપ.

આ પ્રાંતો હિંદુસ્તાનના મધ્ય ભાગમાછે માટે એને મધ્ય પ્રાંતો કહેછે. એની આસપાસ ઘણાંખરાં દેશી રાજ્યો આવેલાંછે. **સીમા.** ઉતરે–બુંદેલખંડ અને વાવ્યપ્રાંતો. પશ્ચિમે–ભોપાળ, ઈંદોર ને બીજાં દેશી રાજ્યો તથા ખાનદેશ. દક્ષિણે–હૈદ્રાબાદ ને વરાડ. પૂર્વે–મદ્રાસ ઇલાકો ને ઓઢીઆ પ્રાંત. **ક્ષેત્રફળ**–એક લાખ ને તેર હજાર ચોરસ મૈલછે. **પર્વતો**–વિંધ્યાચળ, સાતપુડા ને અમરકંટક; તેમાં સાતપુડા મધ્ય ભાગે આવેલોછે તેથી તેના બે બાજુ

આવેછે ઉત્તરમાં વિંધ્યાચળ પર્વત ને નર્મદા નદીની ખીણુછે. દક્ષિણમાં સાતપુડાનો ઢાળ અગ્નિ કોણનોછે. નદીઓ—નર્મદા, તાપી, મહાનદી ને પ્રાણુહીતા વગેરે નદીઓ આ પ્રાંતોને રસાળ કરેછે. વર્ધા ને વેન ગંગાનો સંગમ થયા પછી એ પ્રાણુહિતાને નામે ઓળખાયછે. આ પ્રાંતમાં જંગલો ઘણાંછે. ભાગ—૧. સાગર અને દમોહનો મુલક, ૨. નર્મદાનો પ્રદેશ ૩. સાતપુડાનો ઉંચો મુલક, ૪, નાગપુર, છતીસગઢ, સંબલપુર વગેરેનો વિસ્તીર્ણ પ્રદેશ.

**હવાપાણી**—તાપ અને ટાઢ સમ પ્રમાણુમાંછે વરસાદ નૈઋત્ય કોણમાંથી આવેછે અને ૫૦ ઇંચ સુધી વરસેછે.

**લોક ધર્મ ને ભાષા**—વસ્તી લગભગ એક ક્રોડ ને દશ લાખ માણસનીછે. તેમાં મુખ્ય ભાગ અનાર્ય ( મૂળ જાતની ) લોકોનોછે; તેઓ હિંદુ ધર્મને મળતો ધર્મ માનેછે. વીસ લાખ ગોંડ લોકોછે. ગોંડનો અર્થ ઉચ્ચ પ્રદેશમાં રહેનારા થાયછે. તેઓ જાતના હિંદુછે. વસ્તીનો ૧/૩ ભાગ મુસલમાનોછે. દર ચોરસ મૈલે ૧૨૫ માણસની વસ્તીછે. મુખ્ય ભાષા હિંદીછે પણ પશ્ચિમમાં મરેઠી ને પૂર્વમાં ઉર્યા ભાષા બોલાયછે. અને ગોંડ લોકોની ભાષા દ્રાવિડીઅનછે!

**પેદાશ**—અનાજ (મુખ્ય ડાંગર ને ઘઉં) કપાસ, તેલીબીઆં ને જંગલોની પેદાશ થાયછે, તેમાં વેનગંગાના પ્રદેશમાં ડાંગર ઘણી થાયછે, છતીશગઢમાં ઘઉં ઘણા થાયછે ને વર્ધા નદીની દક્ષિણમાં કપાસ પાકેછે.

## વેપાર.

**નિકાશ**—અનાજ, રૂ, તેલીબીઆં, દેશી કાપડ ને ચામડાં. **આયાત**-કાપડ મીઠું, લોઢાનો સામાન, નાળીએર, ફર્નીચર ને દારૂ વગેરે. **રેલવે**-ધી પેનીનસ્યુલા* રેલવે-નાગપુરથી ભુસાવળ થઈ

---

* પેનીનસ્યુલા એટલે દ્વીપકલ્પની.

મુંબાઈ જાયછે. ૨ ધી નાગપુર રેલવે-નાગપુરથી કલકત્તા સુધી જાયછે.

રાજનીતિ—આ પ્રાંતના ઉપરી અધિકારીને ચીફ કમીશનર કહેછે. દેશી રાજ્ય-નાનાં નાનાં ઘણાંછે પણ એકે જાણવા લાયક નથી.

### શહેરો.

નાગપુર—એ રાજધાનીનું શહેર છે, એમાં કમીશનર રહે છે, ને અહિંના રેશમી ધોતીજોડા વખણાય છે.

સાગર, કામ્પટી—એમાં છાવણીઓ છે.

જબલપુર—નર્મદાની કાંઠા ઉપર છે, તેમાં તંબુ ને ઘઉં સારા થાય છે. ને તે વેપારનું મથક છે.

ચંદા—એ અસલ ગોંડ લોકોની રાજધાની હતી.

બરાનપુર—તાપીને કાંઠે મુસલમાનની વસ્તીનું શહેર છે ને ત્યાંનાં રેશમી સાડા વખણાય છે.

હિંગણઘાટ—એ રૂના વેપારનું મથક છે.

ભંડારા—એમાં ભરતકામ સારૂં થાય છે.

સંબલપુર—આ શહેરની આસપાસની જમીનમાંથી હીરા જડેછે.

બીજાં શહેર—રાયપુર વિલાસપુર, આશિરગઢ, હુશંગાબાદ, નરસીંગપુર વર્ધા, ઈ.

---

## ૬. મધ્યહિન્દએજન્સી.

### સ્વરૂપ.

મધ્ય પ્રાંતના સાગરને દમોહના મૂલકની પૂર્વે પશ્ચિમમાં આ એજન્સિ આવેલીછે, તેથી તેના બે ભાગ થયેલા છે, પૂર્વ ભાગને બુંદેલખંડને રેવા કહે છે ને પશ્ચિમ ભાગને પ્રાચીન માળવા કે ગ્વાલિયર કહે છે. સીમા, પૂર્વ ભાગની ઉત્તરે-વાવ્ય પ્રાંત, પૂર્વે-

બંગાળા, દક્ષિણે—મધ્ય પ્રાંતો, અને પશ્ચિમે—નાબ્ય પ્રાંતની સાંકડી-પટી આવેલી છે. પશ્ચિમ ભાગની ઉત્તરે ને પૂર્વે—નાબ્ય પ્રાંત, દક્ષિણે—ખાનદેશ જીલ્લો ને મધ્ય પ્રાંત. પશ્ચિમે—રજપૂત સંસ્થાનછે. **ક્ષેત્રફળ**—આ બંન્ને ભાગોનું ક્ષેત્રફળ ૭૫ હજાર ચોરસ મૈલછે. **પર્વત**—વિંધ્યાચળ ને કેમુરના ડુંગરા આવેલાછે. તેથી એનો ઢાળ ઇશાનકોણનો થાયછે. **નદીઓ**—ચંબલ, સીંધ, બતવા, શોણ ને નર્મદા વગેરે નદીઓ આ એજન્સીની જમીનને રસાળ કરેછે.

**હવાપાણી**—વરસાદ ઇશાન કોણમાંથી આવે છે. તે વધારેમાં વધારે ૫૦ ઇંચ સુધી વરસેછે. તાપને ટાઢ ગુજરાત કરતાં વધારે પડેછે.

**લોક, ધર્મને ભાષા**—વસ્તી એક કરોડ માણસનીછે તેમાં મુખ્ય ભાગ હિંદુનોછે, મુસલમાનો થોડાછે મુખ્ય ભાષા હિંદીછે. આ ભાગમાં બૌદ્ધ ધર્મનાં ખંડેરો ઘણાં જોવામાં આવેછે.

**પેદાશ**—અનાજ (મુખ્ય ઘઉં), રૂ. અફીણ, તંબાકુ, શેરડી, જંગલની પેદાશ ને તેલીબીઆં.

## વેપાર.

**નિકાશ**—ઘઉં, રૂ, અફીણ, તેલીબીઆં, વગેરે. **આયાત**—કાપડ, ધાતુઓ, સાંચા, દારૂ, ફર્નીચર વગેરે. **રેલ્વે**—ધી માળવા રેલ્વે—આસપાસના પ્રાંતોને આ પ્રાંત સાથે જોડેછે. ને બુંદેલખંડમાં પણ એક રેલ્વેનો ફાંટોછે.

**રાજનીતિ**—આ એજન્સીમાં ગ્વાલિયર, ઇંદોર, ભોપાળને રેવા એ ચાર મોટાં સંસ્થાનોછે. કુલ ૭૧ સંસ્થાનોછે. તેનાપર દેખરેખ રાખવા માટે ઇંદોરમાં ગવર્નર જનરલનો એજન્ટ રહેછે અને ઉપરનાં ચાર મોટાં સંસ્થાનોમાં આસીસ્ટન્ટ એજન્ટો રહેછે.

## શહેરો.

**ગ્વાલિયર**—એ સિંધીઆની રાજધાનીનું શહેરછે.

**ઇંદોર**—એ હોલકરની રાજધાનીનું શહેરછે.
**ભોપાળ**—એ મુસલમાની રાજ, બેગમના તાબામાંછે.
**રેવા**—એ રજપૂત રાજાની રાજધાનીનું શહેરછે.
**ઉજ્જન**—એ ક્ષીપ્રા નદીને કાંઠે અસલ વિક્રમની રાજધાનીનું શહેર હતું.
**રતલામ**—એ માળવામાં અફીણના વેપારને માટે પ્રખ્યાતછે.
**ચંદેરી**—પાઘડી તથા શેલાં સારાં થાયછે.
**અર્ચ, તેહેરી, પન્ના**—એમાં હીરાની ખાણોછે.
**મહુ, નિમચ ને મોરાર**—એમાં લસ્કરી છાવણીઓછે.

---

## ૭. રજપૂત સંસ્થાનો.

### સ્વરૂપ.

આ સંસ્થાનો સિંધની પૂર્વે ને પંજાબની દક્ષિણે આવેલાં છે. **સીમા.** ઉત્તરે—સતલજ નદી. પશ્ચિમે—સિંધ, દક્ષિણે—ગુજરાત. પૂર્વે—આગ્રા ને મધ્યહિન્દ એજન્સિ આવેલાંછે. **ક્ષેત્રફળ**—આશરે એક લાખ ત્રીસ હજાર ચોરસ મૈલછે. **પર્વતો**—અરવલી અને આબુ એ મધ્ય ભાગમાં આવેલાછે. તેથી પૂર્વ પશ્ચિમ એવા બે ભાગ થાયછે. પૂર્વ તરફના ભાગનો ઢાળ ઇશાન કોણનોછે ને પશ્ચિમ તરફના ભાગનો ઢાળ નૈરૂત્યકોણનોછે. તે રેતાળછે—તેથી તેને રેતીનું રણ કહેછે. **નદીઓ**—લૂણી, ચંબલ ને બનાસ નદીઓ આ સંસ્થાનોની જમીનને રસાળ કરેછે. **સરોવર**—સાંભર તેનું પાણી ખારૂં છે, તેનું મીઠું પકવેછે. **રણ**—જિસલમેર ને મારવાડનું છે.

**હવાપાણી**—તાપ ને ટાઢ ગુજરાત કરતાં વધારે પડેછે. વરસાદ અરવલીના પૂર્વ ભાગમાં ૪૦ ઇંચ સુધી વરસેછે અને તે ઇશાન કોણમાંથી આવેછે. તથા અરવલીની પશ્ચિમે ઘણો થોડો એટલે દશેક ઇંચ સુધી વરસેછે તે નૈરૂત્ય કોણમાંથી આવેછે. આ પશ્ચિમભાગ સૂકો ને ગરમછે.

**લોક ધર્મ ને ભાષા**—વસ્તી એક કરોડને વીસ લાખ માણસનીછે. તેમાં રજપૂત, જાટ ને કોળી લોકો મુખ્યછે; અને મુસલમાનો બહુજ થોડાછે. ભાષા હિંદીને હિંદીને મળતીછે. મારવાડી વેપારી આખા હિંદુસ્તાનમાં ધીરધારને માટે વખણાયછે.

**જાત્રાનાં ઠેકાણાં**—પુષ્કરજી અજમેર પાસે, એમાં બ્રહ્માની મૂર્તિછે. શ્રી નાથજી-વૈષ્ણવ ધર્મના આચાર્યની મુખ્ય ગાદીછે. આબુપર અર્બુદા દેવીનું મંદીર છે ને જૈનનાં સુંદર દહેરાં ઘણાંછે.

**પેદાશ**—અનાજ, રૂ, શેરડી, તંબાકુ, અફીણ ને મીઠું.

## વેપાર.

**નિકાશ**—રૂ, તંબાકુ, અફીણ, ઘેટાં, બકરાં, ઊંટ, બળદ, પથ્થર, ઉન ને ચામડાં. **આયાત**—કાપડ, ધાતુઓ, ફર્નીચર, દારૂ, વગેરે. **રેલવે**—ધી રજપૂતાના રેલવે-દિલ્લી અને માળવા રેલવેને ઉત્તર તરફ મળેછે. પશ્ચિમ તરફ બરોડા રેલવે સાથ ને પૂર્વ તરફ પેનીનસ્યુલા રેલવે સાથે જોડાયછે.

**રાજનીતિ**—ગવર્નર જનરલનો એજન્ટ મુખ્ય અધિકારીછે. ને તેના હાથ નીચે પોલીટીકલ એજન્ટો દેશી રાજ્યો ઉપર કેટલીક સત્તા ધરાવેછે. **રજપૂતનાં દેશી રાજ્યો**—મેવાડ ( ઉદેપુર ), મારવાડ ( જોધપુર, ) જેપુર, બુંદી, બીકાનેર, કોટા, કિરોળી, કિસનગઢ, જેસલમેર, અલવડ, શિરોહી, ડુંગરપુર, વાંસવાડા, પ્રતાપગઢ ને ઝાલરાપટ્ટણ. **જાટનાં**—ભરતપુર ને ધોળપુર. **મુસલમાની**—ટાંક એ રીતે અઢાર સંસ્થાન છે, તેમાં સૌથી પ્રખ્યાત અધિપતિ ઉદેપુરના મહારાણાછે ને તે પ્રાચીનકાળના કહેવાયછે. રાણાઓને અંદર અંદર વાંધો પડે તો તેમાંની કેટલીક બાબતનો નીવેડો કરવાને તેમનામાંથી પંચ નીમેલાછે. તે કરેછે.

આ સંસ્થાનોના મધ્ય ભાગમાં એક ઇંગ્રેજી નાનો પ્રાંત છે તેમાં અજમેર મુખ્યછે.

## શહેરો.

**નશીરાબાદ**—એમાં લશ્કરી છાવણી છે.

**ઉદેપુર**—ત્યાંના સૂર્યવંશી રાણા ભરતખંડમાં મોટા ગનાયછે.

**બિકાનેર**—ત્યાંની સાંઢણીઓ વખણાયછે.

**જેપુર**—એમાં સોનાં, રૂપા, અને તાંબાની ખાણોછે, ત્યાંનાં ઘરની બાંધણી વખણાયછે.

**શીરોહી**—એમાં તરવારનાં પાનાં સારાં બનેછે, એની પાસે આબુ ઉપર એજન્ટ રહેછે.

**જોધપુર**—આરસના પથરાને માટે વખણાયછે.

**ડુંગરપુર**—ત્યાં મુર્તીઓ સારી થાયછે.

**વિશેષ હકીકત**—મારવાડમાં ઉંટ બળદ ઘણા થાયછે ને જંગલી ગધેડાં જોરાવર હોયછે. ત્યાં પાણીની ઘણી તાણછે એટલે કુવા ૨૦૦ થી ૩૦૦ હાથ સુધી ઊંડા હોયછે વળી રણમાં ઉંટથી જમીન ખેડેછે. કોતરણીનું કામ તથા ઘણાં વરસ ચાલે તેવી સાદી કલાઇ વાસણપર કરવામાં આવેછે. વળી લોઢાના વાસણપર સોના રૂપાની કારીગરી સારી થાયછે. રણમાં આવેલી લુણી નદી રેતીને લીધે રણમાંજ સોષાઇ જાયછે.

---

## ૯. પંજાબ.

### સ્વરૂપ.

આ પ્રાંત હિન્દના વાયવ્ય ખુણામાં રજપૂત સંસ્થાનની ઉત્તરેછે. **સીમા**—ઉત્તરે–કારાકોરમ પર્વત ને તેની પેલીમેર તાતેરી, પશ્ચિમે–સુલેમાન પર્વત ને તેની પેલી તરફ અફગાનિસ્તાન, દક્ષિણે–રજપૂત સંસ્થાન, પૂર્વે,–ટિબેટ ને જમના નદીની પેલી તરફ વાયવ્ય પ્રાંતોછે. **ક્ષેત્રફળ**—બે લાખ ને ઓગણત્રીશહજાર ચોરસ મૈલ જમીનછે. એટલે હિંદુસ્તાનના ⅙ ભાગની જમીન આમાંછે

**પર્વતો**—હિમાલય, કારાકોરમ, શિવાલીક, મીઠાના ડુંગર ને સુલેમાનછે. તેમાં સુલેમાન સિવાયના બધા ડુંગરા ઉત્તરમાંછે. તેથી ઉત્તરનો ભાગ પહાડીછે. તથા તેમાં ફળદ્રુપ ખીણો છે. નીચલો ભાગ મોટું મેદાન છે. ને તે રેતાળ છે. અને એ મેદાનનો ઢાળ નૈરૃત્યકોણ તરફનો છે. **સરોવર**—વુલર, કાસ્મીરમાં છે. **નદીઓ**—સિંધુ, જેલમ, ચીનાબ, રાવી, બીઆસ, સતલજ ને કાબુલ આ નદીઓ તથા જમના ને સતલજની નહેરો દેશની જમીનને રસાળ કરેછે. **દુઆબ**—ઉપરની નદીઓ વડે પાંચ દુઆબ થએલાછે. ૧ સિંધસાગર—સિંધુ ને જેલમ વચ્ચે, ૨ જેચ—જેલમ ને ચીનાબની વચ્ચે, ૩ રેચના—ચીનાબ ને રાવીની વચ્ચે, ૪ બારી—રાવી ને બીઆસની વચ્ચે, ૫ જાલંધર—બીઆસને સતલજની વચ્ચે છે. **ભાગ**—૧ દિલ્લી જીલ્લો, ૨ સિમલાનો પહાડી મુલક, ૩ જાલંધરને કાંગડાનો મુલક, ૪ લાહોર, અમૃતસર, પેશાવર ને મુલતાનની આસપાસનો મુલક.

**હવાપાણી**—આ પ્રાંતમાં તાપ અતીશય પડેછે ને ટાઢ હિંદુસ્તાનના હરકોઇ પ્રાંત કરતાં વધારે પડેછે. પણ મેદાનની હવા સુકીછે. કાશ્મીરના પહાડી પ્રદેશમાં વરસાદ વધારે પડેછે ને જેમ જેમ દક્ષિણમાં જઇએ છીએ તેમ તેમ વરસાદ ઘટતો જાય છે. એટલે પંજાબના મોટા મેદાનની ઉત્તરમાં ૪૦ ઇંચ સૂધી પડેછે ને સિંધ પાસેના ભાગમાં ૧૦ ઇંચ સૂધી પડેછે. **હવાખાવાની જગાઓ**—સિમલા ને મરી.

**લોક, ધર્મ ને ભાષા**—વસ્તી બે કરોડને ૮૦ લાખનીછે, એટલે હિંદની વસ્તીનો દશમો ભાગછે. તેમાં હિંદુ, મુસલમાન, શીખ અને પહાડી લોકો રહેછે. હિંદુ ને મુસલમાન સમ પ્રમાણમાંછે. શીખ લોકો ૨૦ લાખ છે. ને પહાડી લોકો થોડા છે. લોક મજબુત ને લડવૈયા છે. બ્રીટીસ રાજમાં દર ચોરસ મૈલે ૧૫૦ માણુસની ને દેશી રાજ્યમાં ૬૦ માણુસની વસ્તી છે, પણ જાલંધર દુઆબમાં દર ચોરસ મૈલે લગભગ ૬૦૦ માણુસો વસેછે. શીખ

લોકો શીખ ધર્મ પાળેછે ને એ ધર્મ સ્થાપન કરનાર નાનક હતો. તેણે હિંદુ ને મુસલમાનોને જોડી દેવાનો પ્રયત્ન કર્યો હતો. શીખનો અર્થ શિષ્ય થાયછે. તેમનું ધર્મ પુસ્તક આદિ નામે ગ્રંથછે તથા તેમનું જાત્રાનું ઠેકાણું અમૃતસરછે. મુખ્ય ભાષા પંજાબી છે ને શહેરોમાં ઉર્દુ ભાષા બોલાયછે.

**પેદાશ**—અનાજ ( મુખ્ય ઘહું ) તેલીબીઆં, ચા, ફટકડી, સીંધવ ખાર, મીઠું, ઉંચી જાતનું ઉન, સાલો, સુતરાઉ કાપડ, રેશમ, શણ ને મધ વગેરે. તેમાં મોઠું-મીઠાના ડુંગરમાંથી મળેછે, ફટકડી-કાલાબાગમાં થાયછે, કાંગડા ને સિમલામાં ચા ઘણી ને ઉંચી જાતની થાયછે ને મુલતાનમાં રેશમ ઉપજ થાયછે.

### વેપાર.

**નિકાશ**—ઉંચી જાતનું ઉન, સાલો, રેશમ રેશમી ને સુતરાઉ કાપડ, તેલીબીઆં, ફટકડી, ઘહું વગેરે. **આયાત**—કાપડ, સાંચા કામ, કોયલા, દારૂ, ફર્નીચર. ટિબેટમાંથી ચા ને સુંદર ઉન. તાતેરીમાંથી સોનું, રેશમી ને સુતરાઉ કાપડ. **રેલવે**—ધી નોર્થ વેસ્ટર્ન ( વાવ્ય ખૂણાની ) રેલવે-દીલ્લીથી પેશાવર સુધી ને લાહોરથી કરાંચી સુધી જાયછે. તેની કેટલીક શાખાઓ છે.

**રાજનીતિ**—આ ઇલાકાના વડા ઉપરી અધિકારી ને લેફ્ટેનેન્ટ ગવર્નર કહેછે, તેને મદદ કરવાને કાયદા બનાવનારી કૌંસીલછે. **દેશી રાજ્યો**-૧ કાસ્મીર, ૨ ભાવલપુર, ૩ શીખ સંસ્થાનો. ૪ ડુંગરી સંસ્થાનો આ ચારમાં કાસ્મીરનું રાજ્ય સૌથી મોટુંછે ને તેનીપર ગવર્નર જનરલની દેખરેખછે.

### શહેરો.

**લાહોર**—એ રાવી નદીપર રાજધાનીનું શહેરછે. ને તેમાં લેફ્ટેનેન્ટ ગવર્નર રહેછે. ત્યાં જહાંગીરની કબર, શાહજહાંનો બાગ, કોલેજ તથા રણજીતસિંહનો રોજો વગેરે જોવા લાયકછે. વળી તેમાં શેતરંજીઓ સારી થાયછે.

**અમૃતસર**—એજ નામના સરોવરપરથી આ નામ પડેલું છે ને તે શીખ લોકોની જાત્રાનું ઠેકાણુંછે. ત્યાં શેત્રંજીઓ, સાલો ને રેશમી કાપડ બનેછે.

**મુલતાન**—ચીનાબ નદીપર હુન્નરી શહેરછે.

**અટક**—કાબુલ ને સિંધુ નદીના સંગમ ઉપરછે. ત્યાં આગળ સિંધુ નદીનો પાર છે (ઉતરાયછે) હિંદુ લોકો પહેલાં ત્યાંથી આગળ જતા નહિ, એ પરથી એ નામ પડેલુંછે.

**પેશાવર**—ખૈબર ઘાટના નાકાપરછે.

**દિલ્લી** (હસ્તિનાપુર)—હિંદુ અને મુસલમાની રાજ્યોની રાજધાનીનું શહેર હતું ને તે કારીગરીને માટે પ્રખ્યાતછે-વળી તેમાં કુતુબ મિનારો વગેરે મુસલમાની વખતના ઇમારતો જોવા લાયકછે.

**સિમલ**—ઉનાળામાં ગવર્નર જનરલ રહેછે.

**મિથનકોટ**—પાંચનદીઓના સંગમ ઉપરછે.

**શ્રીનગર**—સાલ ને ઉનના કાપડને માટે જાણીતું છે. તેની પાસે વુલર સરોવરછે.

**બાવલપુર**—એ શહેર નવાબના તાબામાંછે

**બીજાં શહેરો**-જાલંધર, અંબાલા, ફીરોઝપુર, લુધીઆના, ડેરા ઇસ્માઇલખાં, ડેરાગાજીખાં, થાનેશ્વર, પાનીપત, વગેરે શહેરોછે ને કાશ્મીરમાં—જાંમુ, લાડક ને ઇસ્કાર્ડો વગેરે શહેરોછે.

**વિશેષ હકીકત.** પંજાબની નદીઓમાં તથા તેની નહેરોમાં ચપટા તળીઆની હોડીઓથી માલ લઈ જવા લાવવાનો વહેવાર ચાલેછે. પાણીપતનું પ્રસિદ્ધ મેદાન દિલ્લીની પાસેછે.

## ૯. વાયવ્ય પ્રાંતો.

### સ્વરૂપ.

આ પ્રાંત મધ્ય હિન્દ એજન્સીની ઉત્તરે આવેલોછે. ને અ-

યોધ્યાની આસપાસ અર્ધવર્તુલ બનેલોછે. તે હિન્દના વાવ્યખૂણામાં આવેલો નથી પણ બંગાળા ઇલાકાના વાવ્ય ખૂણામાં આવેલોછે, માટે તેને વાવ્ય પ્રાંત કહેછે. **સીમા.** ઉત્તરે–હિમાલય, અયોધ્યા ને નેપાળ. પૂર્વે–બહાર પ્રાંત. દક્ષિણે–મધ્યહિન્દ એજન્સિ. પશ્ચિમે–રજપૂત સંસ્થાન ને પંજાબ. **ક્ષેત્રફળ**––એમાં ૮૩ હજાર ચોરસ મૈલ જમીનછે. **પર્વત**–હિમાલય, કમાઉન, ગઢવાલ ને શિવાલીક એ બધા ઉત્તરમાંછે. આ મેદાનવાળા વિસ્તીર્ણ પ્રદેશનો ઢાળ અગ્નિકોણનું છે. એટલે આના ન ાપરના શહરાનપુર આગળ દરિયાની સ ાટીથી એ ૧૦૮૮ ફૂટની ઉંચાઇછે. તે ધીમે ધીમે ઘટીને કાશી આગળ ૩૫૦ ફૂ ઉંચાઈ રહેછે. **નદીઓ**–ગંગા, જમના ને તેની શાખાઓ ને નહોરો, વળી ગોમતી ગોગરા, ને ચંબલ વગેરે નદીઓ આ ભાગના જમીનને રસા ' કરેછે. તેમાં ગંગા ને જમનાની વચ્ચેનો મોટો દુઆબ આવેલોછે. **સ્વભાવિક ભાગ**–૧ હિ ાલયમાં આવેલો પ્રદેશ, ૨ જમના ને ગ ગાની ઉત્તરનો રસાળ પ્રદેશ, ૩ જમનાની દક્ષિણનો પ્રદેશ.

**હવાપાણી**—તાપ ને ટાઢ બંગાળા કરતાં વા ારે પણ પંજાબ કરતાં ઓછાં પડેછે. અહીંનાં હવાપાણી નીરોગી ને સુકાં છે. વરસાદ ઇશાનકોણમાંથી આવેછે. તે પર્વતોની તળેટીમ વધારે ને મેદાનમાં આશરે ૩૦ ઇંચ સુધી વરસેછે.

**લોક, ધર્મ ને ભાષા**—વસ્તી ત્રણ કરોડ ને ૪૦ લાખ માણસની છે. તેમાં ⅐ ભાગ મુસલમાન ને બાકીના હિંદુ છે. તે જબરા ને હિંમતવાન છે તેમને આપણે અહિંઆં ભૈઆ કે પૂરવીઆ કહેછે. બનારસ જીલ્લામાં દર ચોરસમૈલે ૮૦૦ માણસની વસ્તી છે. મુખ્ય ભાષા–હિંદી ને ઉર્દું છે. **જાત્રાનાં ઠેકાણાં.** હિંદુનાં–હરદ્વાર, બદ્રિનાથ, ગોકુળ, મથુરા, પ્રયાગ (અલહાબાદ) ને કાશી (બનારસ.)

**પેદાશ**—અનાજ, અફીણ, તેલીબીઆં, રૂ, ગળી, ગંધક, ઇમારતી લાકડાં, ને સુરોખાર વગેરે.

## વપાર.

**નિકાશ**—અનાજ, અફીણ, તેલીબીઆં, રૂ, ગળી, ગંધક ને સુરોખાર. **આયાત**—કાપડ, સાંચાકામ, ધાતુ, ફર્નીચર, મીઠું ને તેજાના. **રેલવે**—૧ ધી ઇસ્ટઇંડિયન રેલવે—એ ગંગાની દક્ષિણે આવેલીછે. તેની એક શાખા જબલપુર સૂધી જાયછે. ૨ ધી ઔંદ એન્ડ રોહીલખંડ રેલવે—એ ગંગાની ઉત્તરમાં આવેલીછે. ૩ કાનપુરથી નૈરૃત્યમાં જનારી રેલવે, આ સિવાય બીજા ફાંટા પણ છે.

**રાજનીતિ**—આ પ્રાંતના મુખ્ય અધિકારી લેફ્ટેનેન્ટ ગવર્નરછે, તેને મદદ કરવાને કાયદા [illegible] સીલછે. જમીનનો કર દરેક ખેડૂત પાસેથી ન લેતાં ગામનો [illegible] આંકડો બાંધી લેછે. આ પ્રાંતના સાત ભાગ કરેલાછે ને [illegible] કમીશનરને સોંપેલા છે. **દેશીરાજ**[illegible]—રામપુર. તેહરી [illegible] કાશી.

## શહેરો.

**અલહાબાદ (પ્રયાગ)**—એ રાજધાનીનું શહેર ગંગા [illegible] જમનાના સંગમ [illegible]પરછે. ત્યાં હિંદુ લોકો નહાયછે. ને લશ્કરી છાવણીછે.

**આગ્રા**—એ જમના નદીપર, તાજમહાલ વગેરે મોગલાઈ ઇમારતોને મ[illegible]ટ પ્રખ્યાતછે. તેમાં મોગલ બાદશાહો રહેતા હતા.

**કાનપોર**—[illegible]ગા નદીપરછે, તેમાં સૂતરાઉ કા[illegible]ડ ને ચામડાની બનાવટ સારી થાયછે. તે નાના [illegible]ની કતલને માટે [illegible] તેમાં લસ્કરી છાવણીછે.

**કાશી (બનારસ)**—એ ગંગા નદીપર આ પ્રાંતમાં સૌથી મોટું શહેર છે. તેમાં [illegible]ણાં દેવલોછે. તે પૈકી કાશીવિશ્વનાથનું મોટું દેહેરૂંછે.

**ગાજીપુર**—અફીણના વેપારનું મથક ને ગુલાબજળને માટે પ્રસિદ્ધછે.

**શિકંદ્રાબાદ**—તેમાં અકબરનો રોજોછે.

**મિરજાપુર ને ફરૂકાબાદ**—આ બે શહેરો વેપારનાં મથકછે.

**મીરત**—લસ્કરી છાવણીછે.

**બીજાં શહેરો**—કનોજ, ચુનાર, સહરાનપુર, ફત્તેપુર, કાલ્પી, ઇટાવા, બરેલી, ને બકસર.

# ૧૦. અયોધ્યા.

## સ્વરૂપ.

આ પ્રાંત નેપાળ ને વાવ્યપ્રાંતની વચ્ચે આવેલોછે. **સીમા.** ઉત્તરે—નેપાળ ને બાકીની બાજુએ વાવ્યપ્રાંત આવેલોછે. **ક્ષેત્રફળ**—૨૪ હજાર ચોરસ મૈલ છે. એટલે તેનું કદ લગભગ લંકા જેટલું છે. એના ઉત્તરભાગમાં જંગલો છે ને બાકીના ભાગમાં મેદાન છે તેનો ઢાળ અગ્નિ કોણ તરફનોછે. **નદીઓ**—ગંગા, રામગંગા, ગોમતી, ગોગરા ને રાપતી નદ[illegible] તથા કેટલાક ઝરા આ પ્રદેશને રસાળ કરેછે. **વિભાગ**—ફૈજાબ[illegible] [illegible]તાપુર, લખનોર ને રાયબરેલી.

**હુવાપાણી**—[illegible] જેવાં છે.

**લોક, ધર્મ ને ભાષા** વસ્તી સવાકરોડ માણસ[illegible]છે. તેનો [illegible] ભાગ મુસલમાન ને બાકીના હિદુછે. મુખ્યભાષા—હિંદી ને ઉર્દુછે. દરચોરસ [illegible] ૫૨૦ માણસની વસ્તીછે. એટલે આખી દુનિયામાં બીજા હર કોઈ દેશ કરતાં જમીનના વીસ્તારના પ્રમાણમાં આ પ્રાંતની વસ્તી વધારે ઘાઢી ગણાયછે.

**પેદાશ**—અનાજ, કપાસ, તેલીબીઆં, અફીણ,ગળી ને ઈમારતી લાકડાં.

## વેપાર.

**નિકાશ**—અનાજ, કપાસ, તેલીબીઆં, અફીણ ને ગળી, **આયાત**—કાપડ, ફર્નીચર, ધાતુઓ ને દારૂ. **રેલવે**[illegible] રોહીલખંડરેલવે ને તેનો કેટલીક શાખાઓ.

**રાજનીતિ**—આ પ્રાંતને ૧૮૭૭ માં વાવ્યપ્રાંતો સાથે જોડી દેવામાં આવ્યોછે. પણ તેનો કારભાર ચીફ કમીશનર કરછે.

## શહેરો.

**લખનોર**—ગોમતી નદીને કાંઠે એમાં ચીફ કમીશનર રહેછે.

**અયોધ્યા**—ગોગરા (સર્યુ) નદીને કાંઠે જૂનું શહેર છે. ને તેમાં રામચંદ્રજીની રાજધાની હતી.

**બીજાં શહેરો**—ફૈજાબાદ, સીતાપુર, રાયબરેલી ને જુવાનપુર.

## ૧૧. બંગાળાનો ઇલાકો.

### સ્વરૂપ.

આ ઇલાકો હિંન્દમાં સૌથી મોટોછે, ને તે બંગાળાના ઉપસાગરની ઉત્તરે આવેલોછે. **સીમા.** ઉત્તરે—નેપાળ ને સિક્કીમ. પૂર્વે—આસામ ને બ્રહ્મદેશ. દક્ષિણે—બંગાળાનો ઉપસાગર, પશ્ચિમે—મધ્યપ્રાંતો, રેવાનું દેશીરાજ્ય ને વાવ્યપ્રાંતો. **ક્ષેત્રફળ**—એક લાખને નેવું હજાર ચોરસ મૈલછે. **સરોવર**—ચીલકા. **અખાત**—બાલાસોર ને બંગાળાનો ઉપસાગર. **ભૂશિર**—પા. મેરા. ડુંગરા—રાજમહાલ, છોટાનાગપુર, ને ઓઢીઆના ડુંગરા. આ ડુંગરા રાજમહાલથી એક બીજાની લગોલગ આવીને ઓઢીઆ પ્રાંત સુધી પશ્ચિમ તરફ ગયેલછે. તેથી ઓઢીઆ પ્રાંતનો ઢાળ અગ્નિકોણનો છે. બહારપ્રાંતનો પૂર્વ તરફનો ઢાળ છે ને તેને ઉત્તર ને દક્ષિણ તરફના ઢાળ આવીને મળેછે. શુદ્ધ બંગાલાનું મોટું મેદાન દક્ષિણના ઢાળનું છે, તેમાં ગંગાને બ્રહ્મપૂત્રામાં પૂર આવેછે ત્યારે સો મૈલ કરતાં વધારે ભાગ ઉપર પાણી ફરી વળેછે. તે વખતે લોકો હોડીઓમાં બેશી પોતાને કામે જાયછે. **નદીઓ**—ગંગાને તેની શાખાઓ (ગોગરા, શોણ, ગંડકી, કુશી, હુગલી, દામોદ્રા), બ્રહ્મપુત્રા, મહાનદી, બ્રાહ્મણી, વૈતરણી, [illegible], વગેરે નદીઓ આ પ્રદેશને રસાળ કરે છે. **ભાગ**—૧ શુદ્ધ બંગાળા, ૨ બહાર, ૩ ઓઢીઆ (અથવા ઓરિસ્સા,) ૪ છોટાનાગપુર.

**હવા પાણી**—સપાટ પ્રદેશમાં વરસના ઘણા ભાગમાં તાપ વધારે પડેછે ને હવા ભેજવાળીછે. વરસાદ ૫૦ ઇંચ સુધી વરસેછે ને તે અગ્નિકોણમાંથી આવેછે. **હવા ખાવાનાં ઠેકાણાં**—દાર્જીલીંગ.

**લોક, ધર્મ ને ભાષા**—વસ્તી સાત કરોડ ને દશ લાખ માણસનીછે. એટલે હિંદના ૩/૧ ભાગ જેટલી છે. દર ચોરસમૈલે ૪૭૫ માણસની વસ્તી છે. લોકો કેળવણી લેવામાં આગળ પડતાછે. વસ્તીનો મુખ્ય ભાગ હિંદુનો છે ને ૩/૧ ભાગ મુસલમાંનો છે. પારસી જરતોસ્તી ધર્મ, ખ્રિસ્તીઓ ખ્રિસ્તી ધર્મ, ને યાહુદીઓ જયુ ધર્મ પાળેછે ને

પાહાડ લે ા પણુછે. ચાર કરે ... ... . કરોડ હિંદી, સાઠ લાખ ઉર્યા ને ચાલીસ લાખ માણુસ અન ં ભાષા બોલેછે. **જાત્રાનાં ઠેકાણાં.** જગન્નાથપુરી ને ગયા હિંદુનાં. **પારસનાથ** ( સમેરશીખર ) જૈનનાં છે.

**પેદાશ**—અનાજમાં મુખ્ય ડાંગર, તેલીબીઆં, અફીણ, ગળી, શણ, ચા, ગંધક, ોયલા, રેશમ, રબરનાં ઝાડ, રૂ, મીઠું, વગરે.

## વેપાર.

**નિકાશ**—ચો ા. અફીણ તેલીબીઆં, ગળી, ચામડાં, ચા, ગંધક, રે મ, કોયલા ને ં.સા વગેરે. **આયાત**—કાપડ, ધાતુઓ, ખ.ચા, મીઠું, ાારૂ, ફર્નીચર વગેરે. હિંદના વેપારનો ત્રીજો કરત વધારે ભાગ . બંદરેથી ચાલેછે એટગે તેનો પરદેશ ‹ થેનો વેપાર ,૭ કરોડ. ે. હિંદુસ્તાનનો ‹ ‹ાની વેપાર આ ઇલાકા ાં ાંદરોથી ચાલેછે. **બંદરો**—કલકત્ર , ચીતાગ ાંગ, કટક ને મદ. .હ. **રેલવે.** ૧ ઇસ્ટઇંડિયા રેલવે-ગં નદીને કાંઠે છે. ૨ ધી ઇસ્ટ બંગાળ રેલવે—ઇશાન તરફ જા .છે. ૩ ધી નોર્થન બંગાળા રેલવે-એ દાર્જલીંગ સુધી જાયછે. ૪ ધી નોર્થ વેસ્ટર્ન રેલવે— ્ વાવ્યખુણામાં અયોધ્યા સુધી ‹ ાયછે. એ ગંગાનદીની ઉત્તરે આવેલીછે. ૫ ધી બંગાળ નાગપુર રેલવે નાગપુર સુધી જાયછે. ‹ ' ‹ ઇસ્ટ કોસ્ટ રેલવે—મ . ... યછે. આ રેલવેઓને કેટલ ે ફાંટાછે.

**રાજનીતિ**—આ ઇલાકાના મુખ્ય અધિ ક ને લે ટેનેન્ટ ગવર્નર કહે ે. ને તેને મ ‹ કરવાને કાયદા બાંધનારાની ંરીલછે. મુખ્ય ચાર વિભાગના ોટાવિભાગ કરીને દરેક ભાગ કમીશનરને સોંપેલોછે. વસુલાત પાસ કરોડની છે તેમાં અફીણની ચાર કરોડની છે. જમીન વેરો હિન્દના બીજા ભાગ કરતાં ઓછો છે. **દેશી રાજ્યો**—છોટાનાગપુર, ઓઢીઆનાં ઘણાં નાનાં રાજ્યો, સિકીમ, કુચબિહાર, મણીપુર; ટીપરાનાં ડુંગરો રાજ્ય ને બીજા ડુંગરી પ્રદેશો.

### શાહેરો.

**કલકત્તા**—એ ભરતખંડની રાજધાનીનું શહેર હુગલી નદીના કાંઠાંપર છે. એમાં લેફ્ટેનેન્ટ ગવર્નર તથા ગવર્નર જનરલ રહેછે. તે દરિયાથી ૮૦ મૈલ દૂરછે. આ અને અમદાવાદ સરખા અક્ષાંસપર છે.

**ઢાકા**--કાપડ ને સાબુને માટે પ્રખ્યાત છે.

**મુર્શીદાબાદ**—રેશમી કાપડ, હાથીદાંતનો સામાન, અને સોના રૂપાનો ઘાટ સારો બને છે. ઇંગ્રેજી રાજ્ય પહેલાં નવાબની રાજધાનીનું શહેર હતું. એમાં મુ નની વસ્તી ઘણીછે.

**પટણા**—ગંગાને કાંઠે બહાર પ્રાંતનું શહેર છે, ને શણ ગળીના વેપારનું મથકછે.

**કટક**—મહા નદીના કાંઠાપર ઓઢીઆ પ્રાંતનું મુખ્ય શહેરછે.

**મોંગીર**—એ ગંગાના કાંઠાપર, સૂતાર ને લુહાર કામને માટે પ્રખ્યાતછે.

**પ્લાસી**—ગંગા નદીપરછે. ત્યાં મોટી લડાઇ થવાથી ઇંગ્રેજોને બંગાળા મળ્યુંછે.

**કાશીમ બજાર**—રેશમી બનાવટને માટે જાણીતું છે.

**શીરાજગંજ**—શણના વેપારનું મથકછે.

**દારજીલીંગ**—એ દરિયાથી સાત હજાર ફુટ ઉંચું છે. એ હવા ખાવાનું ઠેકાણુંછે. તેની પાસેના ડુંગરમાંથી સ્લેટના પથ્થર નીકળેછે.

**રાણીગંજ**—એ શહેરની પાસે લોઢાની ને કોયલાની ખાણોછે.

**બરાકપુર ને દમદમ**—આ બેગામ લશ્કરી છાવણી છે.

**બીજાં શાહેરો**—બર્દવાન, હુગલી, દિનાજપુર, ભાગલપુર વગરે.

## ૧૨. આસામ.

### સ્વરૂપ.

આ પ્રાંત બંગાળાની ઇશાન કોણમાં આવેલોછે. **સીમા.** ઉત્તરે- ભૂતાન ને કેટલાંક પહાડી રાજ્ય. પૂર્વે-બ્રહ્મદેશના ડુંગરા

ને મ . દક્ષિણે તથા પશ્ચિમે—બંગાળ.. ક્ષેત્રફળ ૪૫ હજાર ચોરસ મૈલછે. પર્વતો—નાગ, જીનતે, ખાશીઆ, ગારો, ને ચેરાપુંજી. આ પ્રાંતનો ઉત્તર અને દક્ષિણ તરફનો મૂલક પહાડીછે. અને તેથી પશ્ચિમ તરફનો ઢાળનો ખીણવાળો મૂલકછે. નદી—બ્રહ્મપુત્રાથી આ ખીણ રસાળ

હવાપાણી— તાપ ઓછો ને ટાઢ વધારે પડેછે. હવા ઠંડી ને રોગી છે. વરસાદ ઇશાનકોણ આખી દુનિયાના હરકોઈ ભાગ કરતાં વધારે વરસેછે, ચેરાપુંજીના ડુંગરામાં લગભગ ૭૦૦ ઇંચ સુધી વરસેછે. તે કોઈ રહેતું નથી.

લોક, ધર્મ ને વસ્તી ૫૫ લાખ માણસનીછે. એટલે દર ચોરસ મૈલે ૧ માણસ વસેછે. વસ્તીનો ભાગ પહાડીછે, પણ ખીણ પ્રદેશમાં રહેનારા લોકો કંઇક હિંદુ અને બ્રહ્મીલોકોને ળતા છે. ધર્મ માનેછે ને ભાષા ભાશામી ાલેછે.

પેદાશ—ચા, રબર, જંગલની પેદાશ, લોઢા ને કોયલાની ખાણો અને હાથીદાંત.

## વેપાર.

નિકાશ— ચા. રબર, લાખ, હાથીદાંત ને કોયલા. આયાત—કાપડ, અનાજ ને .

રાજનીતિ—આ ભાગનો મુખ્ય અધિકારી શનર ને આ પ્રાંતના પાંચ ભાગ કરી દરેક અધિ

## શહેરો.

ગૌહત્તિ—બ્રહ્મપુત્રાના કાંઠાપર, રાજધાનીનું શહેર, તેમાં ચીફ કમીશનર રહેછે.

સિલહટ—વેપારનું ગથકછે. તેમાં બંગાળી લોકો રહેછે ને નારંગીઓને માટે પ્રખ્યાતછે.

કાચર—એની આસપાસ ચાના બગીચા ઘણાછે.

વિશેષ હકીકત: ... ...ગલોમાં હાથી ઘ
ણાંની ભેંસો ઘણું દૂધ ...પવાને માટે વખણાયછે.

# ૧૩. સ્વતંત્ર પાહાડી રા૦

## સ્વરૂપ.

હિમાલયના દક્ષિણ ઢાળપરછે. સીમા
ક્ષિણે–આસામ, બંગાળા, વાય્વપ્રાંત ને અયો...
શ્ચિમ લાંબી ને સાંકડી પટીમાંછે. ક્ષ... ...
હજાર ને ભૂતાનું ૧૯ હજાર ચોરસ મૈલ
કેટલાક ડુંગરોછે તેને લીધે ઢાળ દ...
૨ ભૂતાન, ૩ ... નાના રાજ્યો. ... ...લના મૂ ...
વગર નદીઓ ... ...ળી કરેછે. ભૂતાનને બીજાં રાજ્યો ... ...પૂત્રાની
નાની ...ખાઓ રસાળ કરેછે.

**હવાપાણી**—આરાજ્યો સમુદ્રની સપાટીથી ઘણાં ઉચાં
હોવાને લીધે હ... ઘણીજ ઠંડીછે. ખોયોમાં શીઆ...ામાં કદી કદી
બરફ પડેછે ને છીછરાં પાણી કોઈ કોઈવાર ઠરી જા... . પણ ઉંડી
નદીઓનું પ...ણી ઠરતું નથી. ડુંગરોપર સદા બર... રહેછે. તહેરી
... ઝાડીના પ્રદેશની હ... ... બાકીના ઠેકા-
...હવા ... વરસાદ અગ્નિકોણ... ... ...ણો આવેછે.
ર... લો... **ભાષા**—આ રાજ... ...ના લોકો-
...છે તેમાં નેપ...નાં ગુર્ખા ને ભૂતાનમ... . ગુર્ખા
લોકો–ઉદ્યોગી શૂરા, શરીરે મજબૂત, ને દઢ... ...ના–મહે-
નતુ, ખેતીના કામ તરફ ઘણું લક્ષ આપના... ...દારારે જણાછે.
આ રાજ્યોના બધા લોકો બૌદ્ધ ધર્મીછે. ...હંદી ને ટિબેટને મળતી
ભાષા બોલેછે.

**પેદાશ**—અનાજ ( ડાંગર, ઘઉં ને કઠોળ મુખ્ય) જંગલની

ુ ને કોયલાની ખ. જો ધાતુ ...ના ઉપયોગને માટે ( બંદુકો, તોપો,) વાસણને ... ે સામાન બનાવેછે.

## વેપાર.

૦. જંગલની પેદાશ, કોયલા, ધાતુઓ, પશુ ને ચા- ાપડ ફર્નીચર, ને દારૂ.

—આ રાજ્યોના રાજાઓ સ્વતંત્રછે. પણ ઇંગ્રે- રાણે છે.

૨ ...રે...

... રાજધાનીનું શહેરછે.

-એ ભૂતાનની રાજધાનીનું શહેરછે.

---

## ...તુગીઝ ન ફ્રેન્ચનાં સ્થાનો.

આ સંસ્થાનો ... ...છે તેથી તેની હદ ક્ત ...ગતવાર આપાય તેમ નથી. પણ તે જેજે ભાગમાં આવેલ છે તે તે પ્રમ ણે ત્યાંનાં ... ાણી વગેરેછે.

**પોર્તુ... જનાં**—૧ ગોવા—એ મુખ્ય શહેર ... માં તેમનો ગ- વર્નર રહે છે; ... સિવાય ૨ દીવને ૩ દમણ.

આનું ક્ષેત્રફ... ...ારસ મૈલ ને વસ્તી ... લાખ માણ

... ...ડચરી—એ રાજધાની ...દ્રાસની ક્ષિણે ... ગવર્નર રહેછે. ૨ ચંદ્રનગ...—...ાની ત્તરે. ૩ ... ...રી મુખ આગળ. ૪ કારીકલ—પાંડેચરી દક્ષિણે. ૫ માહી—મલ ...ાર કાંઠે.

આનું ક્ષેત્રફળ લગભગ ૨૦૦ ચો. મૈલ ને વસ્તી આશરે બે લાખ ને ૮૫ હજાર માણુસનીછે.

---

## જાહેર

ી રફથી બહાર પડેલી ચોપડીઓ

ી ભૂગોળ. (નવાં ધોરણ પ્રમાણે) ૦–

ાવેજના નમુના. „ ૦–

પરીક્ષાના સવાલ. સને ૧૮૯૧

ખીના ... ... ૦–

.. ધોરણ પ્રમાણે) ૦–૧–૬

ાં ઠેકાણાં.

—બુકસેલર મોતીલાલ મગનલા ાસેથી.

બુકસે મહાદેવ રામચંદ્ર ે પેથી.

ા–દશ ઉપર રાખનારને સાડાબાર કા અને

ર રાખનારને વીશ ટકા. ટપાલ ર્ચ માફ

લેવામાં આવશે નહિ. પોસ્ટની ીટો

ાં મોકલવાં.

માણેકલાલ